

# મુજદ્દિદે આ'ઝમ
# ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અઝ ::

મખ્દૂમે મિલ્લત, મુહદ્દિષે આ'ઝમે હિંદ, હઝરત

**સૈયદ મુહમ્મદ કછોછવી અશરફીયુલ જીલાની** رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*


:: PUBLISHER ::

**JAMAAT-E-RAZA-E-MUSTAFA-CHICAGO**

Masjid-E-Ayesha Siddiqah
2409B W Devon Ave, CHICAGO (U.S.A.)
Ph. 7738019101 Email: makki92@gmail.com

ઓક્ટો.૨૦૧૪ :: પ્રાપ્તિસ્થાન :: આવૃત્તિ :3

સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

નૂરાની આર્ટ–દયાદરા મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# અનુક્રમણિકા


❖ પ્રાસંગિક વાત.... *(અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)* 03
❖ હે આલે રસૂલ ! તુ દુનિયામાંથી મારા માટે શું લાવ્યો ? 04
❖ મોઅઝ્ઝઝ્ નિશાને કદમ ! 09
❖ એહસાન કરનારની યાદ ન મનાવનાર કૌમ પણ ભૂલાઈ જાય છે ! 09
❖ યાદગાર મનાવવા પર એતેરાઝ અને જવાબ 11
❖ મીલાદુન્નબી તથા ઉર્સની સાબિતીમાં ચર્ચા 11
❖ યાદગાર મનાવવા વિશે કુર્આની દલીલ 12
❖ આ'લા હઝરતની યાદગાર 15
❖ ઈમામ અહમદ રઝાનો મકામ 16
❖ વાઈસ ચાન્સેલર આ'લા હઝરત رحمۃ اللہ علیہની ખિદમતમાં 16
❖ મઅકુલાત (ફિલોસોફી)માં આ'લા હઝરતનો મકામ 17
❖ આ'લા હઝરતની આશ્ચર્યજનક ઈલ્મી મહારત 18
❖ આ'લા હઝરતના ભરપૂર કમાલો ! 19
❖ ઈફતાની ખુદાદાદ અઝીમ સલાહિયત (આવડતો) 20
❖ આ'લા હઝરતની હેરતઅંગેઝ યાદશક્તિ 20
❖ મારી શરારત ! 22
❖ શાનદાર કરામત 22
❖ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો એટલે 'કન્ઝુલ ઈમાન' !! 24
❖ આ'લા હઝરતનું ભવ્ય કારનામુ 26
❖ રસૂલેપાક صلی اللہ علیہ وسلمની શાનમાં દેવબંદીઓની ગુસ્તાખી 27
❖ પૂરી સદીના દીનનો જિમ્મેદાર ! 29
❖ કુફ્ર બોલનાર જાતે જ કાફિર ઠરે છે, કોઈ બનાવતુ નથી ! 30
❖ ઈસ્લામની દુનિયા તથા સુન્નિયત પર મહાન એહસાન ! 32
❖ કુફ્રનો ફત્વો આપવામાં અનહદ સાવધાની ! 32
❖ વહાબીઓની છેવટે શા માટે પકડ મજબૂત કરી ? 33
❖ દેવબંદી તૌહીદ શું છે ? 35
❖ દેવબંદીઓનું ઈમાન શું છે ? 35
❖ રઝાકે નેઝેકી માર ! 35
❖ આ'લા હઝરતે ઈમાનની મીઠાશ ચખાડી ! 36
❖ આ'લા હઝરત શું છે ? 37
❖ ન્યાઝની અદબ કઈ રીતે કરશો ? ગૌષપાકની સાથે અદ્ભૂત અકીદત 38
❖ આ'લા હઝરતની ઝબાન તથા કલમ ખુદાની હિફાઝતમાં ! 40
❖ ઈમામ બરેલ્વીની શેઅરગાઈ 40
❖ કૌષરથી ધોવાયેલી ઝબાન ! 41
❖ અમે આ'લા હઝરત સમક્ષ તિફલે મકતબ (ભણતા બાળક) છીએ ! 41
❖ આ'લા હઝરતની પેશનગોઈ ! 42
❖ મુજદ્દિદિયતનો સોનેરી તાજ ! 43
❖ ફરિશ્તાઓના ખભાઓ પર કુત્બુલ ઈર્શાદનો જનાઝો ! 44

# પ્રાસંગિક વાત.......

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَارَسُوۡلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَاحَبِیۡبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا نُوۡرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیۡكَ وَسَلَّمَ

*સબ ઉનસે જલનેવાલોં કે ગુલ હો ગએ ચિરાગ*
**'અહમદ રઝા'** *કી શમ્એ ફરોઝાં હૈ આજ ભી*

સમય લાખ કરવટો બદલે, સંજોગો ગમે તેવા તોફાનોમાંથી આપણને પસાર કરે, આંત્રિક બાહ્ય ગમે તેવી આંધીઓના વમળો ચઢે ઉતરે, જઝબાતની રવાનીમાં યા અન્ય કોઈ ભરમમાં યા અજ્ઞાનતામાં કોઈપણ ગમે તેવી વ્યક્તિ હરીફ બની સમયના આ મહાન ઈમામ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની શાન ઘટાડવા ભલે ઝુબાન ખોલી પણ દે ! અયોગ્ય શબ્દો આ અલ્લાહના વલીએ કામિલ, મુજદ્દિદે દીન માટે કલમ થકી ઓકી કાઢે ! પણ ઉપરોક્ત શેઅર તેનો જવાબ આપી રહ્યો છે !

જ્યારે મક્કા–મદીના હરમૈન શરીફૈન પર હાલની બદ્બખ્ત વહાબી નજદીની જબરન સત્તા છવાઈ ન હતી, ત્યારની પાકીઝા

હસ્તી **સૈયદ મુહમ્મદ અલ્વી મક્કી** (ક઼ાઝીઉલ કુઝા મક્કા મુકર્રમા) ''આ'લા હઝરત''ની મહોબ્બત વિશે જણાવે છે, **''તેમની મહોબ્બત, 'સુન્નિયતની નિશાની' છે અને તેમનાથી અદાવત બિદઅતની નિશાની છે.''** આ'લા હઝરતથી મહોબ્બતની નિશાની એ છે કે આપની કિતાબોથી આપના ફત્વાઓથી, આપની લખેલ નઅત શરીફો વગેરેથી દિલચસ્પી હોવી જોઈએ. એ નહીં કે **આ'લા હઝરતથી મહબ્બતનો દાવો અને વહાબી, દેવબંદીને વધાવો !** વહાબીઓથી મેલજોલ, સગાઈ, મિત્રતા પણ ચાલુ અને આ'લા હઝરતની મહબ્બતનું રટણ પણ ચાલુ ! તો એ દાવો ફોગટ ગણાશે. આ'લા હઝરતના કુર્આન હદીષના પાબંદ એવા ફત્વાઓ કે જેમાં આમ સુન્ની મુસ્લિમોની ભલાઈ છે તેને સર આંખો પર ચઢાવી તેને અમલમાં મૂકવા પ્રયત્નશીલ રહેવું જોઈએ અને એ જ સાચા સુન્ની હોવાની નિશાની છે અને એની વિરુદ્ધ જવું ગુમરાહી સિવાય શું છે ?!

શયખ અબ્દુર્રહમાન મક્કી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ જણાવે છે કે, ''મક્કા તથા મદીના શરીફૈનના આલિમો જ્યારે ફાઝિલે બરેલ્વીથી મળતા તો દસ્તબોસી કરતા અને એટલા એહતેરામ સાથે વર્તતા કે મેં કોઈ પણ હિંદુસ્તાની આલિમની આટલી ઈજ્જત થતી કદી જોઈ નથી.

## ★ હે આલે રસૂલ ! તુ દુનિયામાંથી મારા માટે શું લાવ્યો ? ★

આ'લા હઝરતની બયઅત તથા ખિલાફતનો પ્રસંગ આપની

વિલાયત તથા મુજદ્દિદિયત પર ભારી મહોર લગાડી આપે તેવો છે કે જમાદિઉલ ઉલા હિ.સ. ૧૨૯૪માં એક દિવસે પોતાના વાલિદે માજિદ મૌલાના નકી અલીખાં સાહબની સંગાથે હઝરત સૈયદ શાહ આલે રસૂલ મારહરવી قدس سرہની ખિદમતમાં પહોંચ્યા. આપ આ હઝરાતને જોતાવેંત બોલી ઉઠયા, આવો ! હું તો કેટલા દિવસોથી ઈંતેઝાર કરી રહ્યો હતો ! ત્યારબાદ તેમણે આપને તે જ વખતે ખિલાફતથી પણ નવાજયા. તેમને આગલા બુઝુર્ગોથી જે ચીજો અતા થઈ હતી તે તથા સિલસિલાવાર મળેલા તબુર્રકો આ'લા હઝરતને ઈનાયત કરીને ઘણાએ વઝીફાઓની ઈજાઝત આપી.

આ મહેરબાની તથા ઈનાયતો જોઈને અન્ય હાજરજનો તથા મુરીદોએ અર્ઝ કરી, હુઝૂર ! આ બાળક પર આટલી બધી મહેરબાની શા માટે ? ઈર્શાદ ફર્માવ્યો, તમે અહમદ રઝાને શું ઓળખો ?! આટલું કહીને રડવા લાગ્યા અને જણાવ્યું, **ક્યામતના દિવસે રબ તઆલા ઈર્શાદ ફર્માવશે કે, "હે આલે રસૂલ! તું દુનિયામાંથી મારા માટે શું લાવ્યો ? તો હું અહમદ રઝાને પેશ કરીશ** ! ત્યારબાદ કહ્યું, આ ખાનદાને બરકાતિયહ્નો ચશ્મો ચિરાગ છે. અન્ય લોકોને તૈયાર થવું પડે છે, આ બિલકુલ તૈયાર થઈને આવેલા હતા, કેવળ નિસ્બતની જરૂરત હતી. ફાઝિલે બરેલ્વીને કાદરી, ચિશ્તી, સુહરવર્દી, નક્શબંદી આ તમામ તરીક્તના સિલસિલાઓમાં ઈજાઝત તથા ખિલાફત મળેલી હતી.

*માના અજમને તુઝકો યગાના, ગાયા અરબને તેરા તરાના*
*જાને હૈ તુઝકો સારા ઝમાના, હામીએ સુન્નત આ'લા હઝરત*

૧૪મી સદીના આ મુજદ્દિદ આ'લા હઝરતનાં આપણા પર અગણિત એહસાનો છે. ગૌષપાક સરકારે બગદાદ, ખ્વાજા હિંદલ વલી ગરીબ નવાઝ તથા તમામ અવલિયાએ કિરામ (رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ)ની તેમજ આ'લે રસૂલની મહોબ્બત આજે આપણા દિલોમાં ઝગમગી રહી છે તે આ'લા હઝરતનો જ સદક઼ો છે ! જેમ કે હઝરત મૌલાના અબ્દુલગની સાબરી قدس سرہٗ (બાદામી બાગ, લાહોર) જણાવે છે કે, "મારા પીરો મુર્શિદ (શાહ સિરાજુહક઼્ક઼ ગુરદાસપૂરી) હઝરત ક઼િબ્લા મુજદ્દિદે મિલ્લત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہથી સારી અક઼ીદત ધરાવતા હતા. આપનું (તો) ફર્માન હતું કે, **જો અહમદ રઝા رحمۃ اللہ علیہની શખ્સિયત હિંદુસ્તાનમાં થાત નહીં તો તમામ હિંદુસ્તાનવાળા વહાબિયતનો સબક પઢત ! અને આપનો ઈલ્મ તમામ ઉલમાથી ઉચ્ચ છે.** *(બહવાલા ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશ કી નઝરમેં, લેખક : મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી)*

જે હસ્તીના સદક઼ામાં આપણને રબ તઆલાએ વહાબિયતથી બચાવ્યા કે જે બદ્‌બખ્તો પાસે ન ખ્વાજા ગરીબ નવાઝની ક઼દર છે ન ગૌષે આ'ઝમની, ન હઝરત ક઼ાઝી મહમૂદ દરિયાઈ દુલ્હાની, ન તો મખ્દૂમ સમનાનીની, ન તો શાહ આલમ કુત્બે આલમની, ન મુજદ્દિદે અલ્ફેષાનીની, ન અન્ય કોઈ વલીની (رحمۃ اللہ علیہم اجمعین) બલ્કે ખૂદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને જેઓ પોતાના જેવા બેઈખ્તિયાર માણસ ગણાવે છે ! (મઆઝલ્લાહ !) તો આવા ભયાનક જહન્નમી ફિર્ક઼ાથી તથા ગલત રસમો, ગુમરાહીઓથી બચાવી સીધા માર્ગે દોરનાર

હસ્તીને આપણે ઓળખીએ એ અનિવાર્ય બાબત છે. **આ'લા હઝરતને જે સાચા અર્થમાં ઓળખી જશે તો ઈન્શાઅલ્લાહ સીધા માર્ગેથી ચલિત થશે નહીં.**

એ જ મુબારક આશયથી આ કિતાબ જે વલીએ કામિલ, મખ્દૂમે મિલ્લત, ઔલાદે ગૌષે આ'ઝમ મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ હિ.સ. ૧૩૭૯માં નાગપુર ખાતે જ્યારે "જશ્ને યૌમે વિલાદતે ઈમામે અહલે સુન્નત" મનાવાયો હતો તેમાં સદરના સ્થાનેથી જે ઈમાન અફરોઝ ખિતાબ થકી આ'લા હઝરતની મહાન શખ્સિયતને ઓળખાવવા નૂરાની હક્કાની શબ્દોથી ઈઝહાર કર્યો હતો તેના અનુવાદ રૂપે (આ કિતાબ) રજૂ કરતાં હું અત્રે બેહદ ખુશી મહસૂસ કરી રહ્યો છું. મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની મહાન હસ્તી આજે આપણી સમક્ષ જાહેરમાં નથી તેનો રંજ જરૂર થાય છે પણ સાથોસાથ આપની દીનો સુન્નિયત પ્રત્યેની મહોબ્બત તથા ગુસ્તાખે રસૂલ દેવબંદી પ્રત્યેની નફરત, અન્ય ભવ્ય દીની કારનામાંઓ તથા બયાનોમાં હક્કાનિયતભરી વાતો જોઈને દિલને એક તસલ્લી મહસૂસ થાય છે ! કે કેવા મહાન વલીઓ, હક્ક ગો બુઝુર્ગો આપણા થઈ ગયા ! સુબ્હાનલ્લાહ ! મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ આલે રસૂલે અકરમ તથા નાયબે રસૂલે બરહક્ક હતા, આલિમે દીન, ફાઝિલે જલીલ તથા વલીએ કામિલ હતા, ઈલ્મે હદીષના સાગર હતા. મુજદ્દિદે દીનો મિલ્લત رحمۃ اللہ علیہના પ્રિય શાગિર્દ હતા, અમલના મેદાનમાં શરીઅતના પયકર હતા, નવાશાએ શૈખુલ મશાઈખ હતા, આ'લા હઝરત તથા મસ્લકે આ'લા હઝરતના શયદાઈ હતા, મૌલા તઆલા આપણને પણ

બુઝુર્ગોની રાહ પર ચાલવાની તૌફીક અતા કરે. (આમીન)

آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ و التسلیم

**વક્તે સફર, દો બજકર અળતીસ,**
**હય તારીખ સફર કી પચ્ચીસ**
**જુમ્અહ કે દિન દુન્યાસે સિધારા,**
**હામીયે સુન્નત, આ'લા હઝરત**

★ ★ ★

**જબ કભી શહરે બરૈલી કી તરફ જાઓગે**
**ઉન્કે રૌઝે પે મદીને કી હવા ખાઓગે**
**વો સખી ઈબ્ને સખી હંય, વો વલી ઈબ્ને વલી**
**ઉનકે દરવાઝેસે ખાલી ન કભી જાઓગે**

:: ગુલામે ગુલામને રઝા ::

**-પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

મુ. દયાદરા, તા. જિ. ભરૂચ તારીખ : ૧૬–૧૨–૧૯૯૪


## ગૌષિયા તકવીમ લેમિનેટેડ

**(કેલેન્ડર ટાઈપ)**

*નમાઝોનું કાયમી ટાઈમ ટેબલ*

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો. **હદિયો : રૂા. ૨૫૦/–**

ઠે. રઝવી કિતાબ ઘર, મુા.પો. **દયાદરા,**

તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَحۡمَدُ اللّٰہَ الۡاَحَدَ رَضَاءً لِسَیِّدِ نَا اَحۡمَدُ وَ اُصَلِّی وَ اُسَلِّمُ
عَلٰی سَیِّدِنَا اَحۡمَدُ رَضَا لِلّٰہِ الۡوَاحِدِ الصَّمَدِ وَعَلٰی
جَمِیۡعِ مَنۡ رَضِیَ اللّٰہُ عَنۡہُمۡ وَرَضُوۡا عَنۡہُ اَحۡمَدُ رَضَا مَنَ
الۡاَزَلِ اِلٰی الۡاَبَدِ اَمَّا بَعۡدِ۔

### ★ મોઅઝ્ઝઝ્ નિશાને ક઼દમ ! ★

સુન્ની ભાઈઓ ! આ શવ્વાલનો મહીનો છે. અને એ પોતાની મહાન વિશિષ્ટતાને કારણે અધિકારી છે કે આપણે એનું ''અહલે સુન્નત વ જમાઅતે હિંદ''નો મહીનો નામ રાખીએ કેમ કે આ મહીનામાં હિંદુસ્તાનમાં એવા ક઼દમનો ઝહૂર થયો જેની બુલંદીને ન કેવળ હિંદ બલ્કે અરબ તથા અજમ (ગૈર અરબ)ના દીને મતીનના તમામ અરાકીન તથા અસાતીને (સુતૂનો) હક્ક઼ે મુબીનના ઝુકેલા સરોએ ક઼બૂલ કરી લીધો અને તે ક઼દમના નિશાનને પણ મોઅઝ્ઝ તથા મુકર્રમ રાખ્યો.

### ★ એહસાન કરનારની યાદ ન મનાવનાર ક઼ૌમ પણ ભૂલાઈ જાય છે ! ★

આપણા સૌનો રોજનો અનુભવ છે કે ઝિંદા (જાગૃત–જીવંત) ક઼ૌમો તેમની ક઼ૌમિયત (રાષ્ટ્રીયતા)નું ઘડતર જેના હાથો વડે થઈ ચૂક્યું તેની યાદગાર મનાવે છે અને તેને પોતાના ક઼ૌમી (રાષ્ટ્રીય)

જીવનની જિમ્મેદારી સમજે છે. દુનિયાએ સ્વીકારી લીધું છે કે જે કૌમ પોતાના કૌમી મોહસિનો (એહસાનકર્તાઓ)ને ભૂલી ગઈ તો જિંદગીએ આખી કૌમને ભૂલાવી દીધી અને મૌતના મુખમાં ધકેલી દીધી. કૌમિયત (રાષ્ટ્રીયતા)નો આ પ્રાકૃતિક (સ્વભાવિક) જઝબો ન કોઈ નક્લી દલીલનો મોહતાજ છે ન કોઈ અક્લી દલીલનો, એનો સંબંધ સહી ઈન્સાનિયત અને વ્યવસ્થિત હોશ હવાસ સાથે છે. જે લોકો કૌમના મોહસિનોની (એહસાનકર્તાઓની) યાદગાર મનાવવાથી ચીડાવા લાગે છે તેમને દુનિયાએ કેવળ તે કૌમિયતમાંથી ખારિજ ઠરાવ્યા એટલું જ નહીં બલ્કે તેમને એક ખાસ પ્રકારના પાગલ સમજવામાં આવ્યા.

યાદગાર મનાવવી એ પ્રાકૃતિક જઝબો હોવાથી ઈસ્લામ કે જેનું બીજુ નામ જ દીન ફિતરત છે એમાં આ જઝબાને જાગૃત રાખવાની તા'લીમ પોતાના રૂહાની અંદાજમાં ખૂબ જ સ્પષ્ટ છે.

જેમ કે કુર્આને મજીદમાં ઈર્શાદ થયો :–

وَذَكِّرْهُمْ بِاَيّٰمِ اللّٰهِ ''અલ્લાહ તઆલાના દિવસોને યાદ અપાવતા રહો.'' આમ તો સૌ દિવસો અલ્લાહ તઆલાના દિવસો છે પણ કેટલાક એવા પણ દિવસો છે જે દિવસોને ખુદાના ખાસ બંદાઓએ, ખુદાના વલીઓએ વિશિષ્ટતા અતા ફર્માવી દીધી અને જેની યાદથી અલ્લાહ તઆલા યાદ આવી જાય છે. જેની ઈનાયતે તે દિવસને સંવારી આપ્યો, એવા દિવસો જેના થકી હાંસલ થાય તેના યૌમે વિલાદત (જન્મ દિન)થી વફાતના સમય સુધીના દરેક દિવસ અને વફાતથી લઈને હશ્ર સુધીનો દરેક દિવસ وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى વાળા આકાના અમાનતમાં ફુલતો ફાલતો રહે છે. પણ એ સર્વ દિવસોમાં કુદરતના ઈન્તેખાબમાં

પેદાઈશનો દિવસ તથા વિસાલનો દિવસ તથા હશ્રોનશ્રનો દિવસ છે.

### ★ યાદગાર મનાવવા પર એતેરાઝ અને જવાબ ★

વાત એવી આવી પડી છે જેની વધુ સ્પષ્ટતા કરી દેવી જરૂરી થઈ ચૂકી છે જેથી આ બાબતે હું આપ લોકોનો અધિક થોડો સમય લઈશ. વાત એમ છે કે પાછલા વર્ષોમાં બેહરાઈચ શહેરના એક દેવબંદી ઈજતેમામાં દેવબંદના મોહતમિમે ઈદે મીલાદુન્નબી ﷺ મનાવવાળાઓ પર સખત હુમલો કરતાં કહ્યું હતું કે, ''કોઈ શખ્સની મહત્વની તારીખ તેની પૈદાઈશની તારીખ નથી, કેમ કે પેદાઈશ તો સારા તથા બુરાઓની સદા થતી રહે છે અને પેદાઈશની તારીખ પર કોઈ અંદાઝો નથી કરી શકાતો કે તેનું ભાવિ કેવું હશે ? અહમિયત તો તે તારીખને પ્રાપ્ય છે જે તારીખ પર શખ્સિયતને અહમિયત પ્રાપ્ત થાય છે. આ ઈદે મીલાદુન્નબી ﷺ એક નિરર્થક અને ગૈરશરઈ ચીજ છે, જો યાદગાર મનાવવી હોય તો એ તારીખની યાદગાર મનાવવી જોઈએ જ્યારે નબી કરીમ علیہ السلام એ નબુવ્વતની જાહેરાત ફર્માવી હતી, અને નબુવ્વતનું કાર્ય શરૂ કર્યું હતું.''

### ★ મીલાદુન્નબી તથા ઉર્સની સાબિતીમાં ચર્ચા ★

વાત એવા અંદાજમાં રજૂ કરવામાં આવી હતી અને લહેજો એવો ભોળપવાળો હતો કે કેટલાક દિમાગ સાચે જ ભૂલાવામાં પડી ગયાં હતાં. પરંતુ તેમના (દેવબંદીના) પયગામને હજી ૨૪ કલાકોની જિંદગી પણ મળી ન હતી એવામાં હું બેહરાઈ શહેરમાં પહોંચી ગયો અને શિક્ષિત તથા દીનદાર એવા આગળ પડતા લોકોએ મને એની વિગત જણાવીને જવાબ ચાહ્યો. મેં થોડાક કલાકો બાદ ત્યાં એક અઝીમુશ્શાન ઈજતેમાને સંબોધન કરતાં કહ્યું હતું

કે, ઈદે મીલાદુન્નબી ﷺને નિરર્થક કહેતી વેળા શું સૌ ક઼ૌમોનો ઈતિહાસ દિમાગથી નીકળી ગયો હતો કે આજે જે બગલમાં તેમના ફિર્કાનો મોટો ભાગ વસી રહ્યો છે અને જ્યાં જયંતિ અને મૃત્યુ (દિન) મનાવવામાં ઈબાદત ગુઝારી જેવા સ્પ્રિટની સાથે ભાગ લેવામાં આવે છે, તો શું એણે બુદ્ધિને એટલી રોશની ન આપી કે ક઼ૌમોએ યૌમે મીલાદ તથા યૌમે મમાત (જન્મદિન તથા મરણ દિન) મનાવવાને જ ક઼ૌમી હક્ક઼ માન્યો છે.

## ★ યાદગાર મનાવવા વિશે કુર્આની દલીલ ★

કુર્આને કરીમે પોતાના મો'જિઝારૂપી રૂહાની અંદાજમાં મસ્અલાની મહત્વતાને એ રીતે સ્પષ્ટ કરી આપેલ છે કે જે લોકો કુર્આને પાકની તિલાવતનો શરફ એટલા માટે હાંસલ કરે છે કે એને સમજે અને એને હિદાયતની રોશની સમજીને પોતાને સંવારે. જો એવા લોકોનો સાયો પણ રસ્તે ચાલતા અને મોહતમિમ (દેવબંદી) પર પડી જાત તો વિલાદતનો દિવસ તથા ઉર્સનો દિવસ મનાવવું જે ગૈર ઈસ્લામી કહીને હુમલો કરી દીધો છે, તેવી હિંમત ન કરી શકત.

કુર્આને કરીમમાં ખુદાની બારગાહમાં મક઼બૂલ બંદાઓ માટે એ પણ ઈર્શાદ ફર્માવવામાં આવ્યો છે કે :–

وَسَلَامٌ عَلَيْهِ يَوْمَ وُلِدَ وَيَوْمَ يَمُوْتُ وَيَوْمَ يُبْعَثُ حَيًّا ''તેમના પર અલ્લાહ તઆલાના સલામ છે તેમની પેદાઈશના દિવસે અને તેમના વિસાલના દિવસે અને જ્યારે તેઓ ક઼યામતના મેદાનમાં ઉઠશે.''

એ જ કુર્આને કરીમમાં અલ્લાહ તબારક વ તઆલા એક મક઼બૂલ બંદા સૈયદના ઈસા અલા નબિય્યિના علیہ السلامનું સ્પષ્ટ બયાન મૌજૂદ છે કે :–

وَسَّلَامٌ عَلٰی یَوۡمَ وَلِدۡتُّ وَیَمۡ اَمُوۡتُ وَیَوۡمَ اُبۡعَثُ حَیًّا ''મારા પર અલ્લાહ તઆલાના સલામ (સલામતી) છે મારી પેદાઈશના દિવસે અને મારા વિસાલના દિવસે અને જ્યારે હશ્રના મેદાનમાં હોઈશ.''

કોઈ બતાવો ! કે જો કોઈ અક્કલ તથા દીનમાં બોગસ (દેવાળિયો) ભલે હોય પણ કુર્આને કરીમને દિલથી નહીં તો કેવળ દુનિયાને ખાતર કલામે ઈલાહી કહેવા પર મજબૂર હોય, તેને શું હક્ક઼ છે કે નસ્સે ક઼તઈ કુર્આની (કુર્આની આયતથી સાબિત)ની રદ કેવળ પોતાની અદાવતના જઝબા હેઠળ કરે ! જે અલ્લાહવાળાઓમાં વારસાગત ચાલી રહેલ છે. તદ્દન સ્પષ્ટ છે કે ખાસાને ખુદા (અલ્લાહના વલીઓ)ની દરેક પળ જ્યારથી જમાનાનાની પેદાઈશ થઈ અને જ્યાં સુધી જમાનાનો ક્રમ રહેશે ત્યાં સુધી એવી છે કે એમના પર અલ્લાહ તઆલાની સલામતી છે. દુરૂદની આયત જે હમેશગીને જાહેર ફર્માવે છે કે આપણા આક઼ા રસૂલે પાક ﷺને સંબોધીને સ્પષ્ટ કહી દેવામાં આવ્યું કે, وَلَلۡاٰخِرَةُ خَیۡرٌ لَّکَ مِنَ الۡاُوۡلٰی ''આપની દરેક પાછલી ઘડી પહેલી ઘડી કરતાં બેહતર છે.''

તેમ છતાં પણ ક઼ાયમ માટેના આખા અહદે મુબારકમાં (સમય ગાળામાં) ખૂદ રબ્બુલ ઈઝ્ઝત ﷻ અને તેના મહબૂબ રસૂલ ﷺએ ત્રણ દિવસોની પસંદગી ફર્માવી, **પેદાઈશનો દિવસ** તથા **વિસાલનો દિવસ** તથા હિસાબ કિતાબ **(ક઼યામત)નો દિવસ.** કુર્આને કરીમમાં એવા દિવસોને **ઐયામુલ્લાહ (અલ્લાહના દિવસો)** ફર્માવવામાં આવ્યા છે અને હુકમ આપવામાં આવ્યો છે કે : وَذَکِّرۡهُمۡ بِاَیّٰمِ اللّٰهِ ''અલ્લાહના દિવસોની યાદ મનાવો.''

યક઼ીનન ! અલ્લાહવાળાઓના દિવસ અલ્લાહના જ દિવસ છે અને **રજૂ કરેલ કુર્આની આયતોએ તારીખ નિશ્ચિત કરવાને મઆઝલ્લાહ ! બુરી બિદઅત કહેનારાઓના પર ઠેકઠેકાણે તમાચા માર્યા છે.** અને દીને ફ઼િતરતે (ઈસ્લામે) આપણને રોક્યા નથી બલ્કે તેને મહત્વ આપીને યાદગાર મનાવવા માટે તૈયાર કર્યા છે.

સ્પષ્ટ છે કે દરેક મહત્વ ધરાવનારા વ્યક્તિની મહત્વતાને જોઈ લીધા પછી તે દિવસ યાદ આવી જાય છે જ્યારે કે તેણે સૌ પ્રથમ જમીન પર ક઼દમ રાખ્યો હતો. પછી તે દિવસ મહત્વવાળો બની જાય છે જ્યારે તેણે બીજી દુનિયાની સફર કરી હતી, જેને દેવબંદી ગૃપના આગળ પડતા લોકો (મોટેરાઓ) જયંતિ અને મૃત્યુતિથિ મનાવવું કહે છે. અને મુસલમાન તેને **યૌમે મીલાદ** અને **યૌમે ઉર્સ** કહે છે અને મનાવે છે. પણ યાદ રાખશો કે ખાસ દિવસ નિશ્ચિત કરવું એ અલ્લાહવાળાઓ જેઓ અંબિયાએ કિરામ عليهم السلام છે **ઈબારતુન્નસ** છે તો અલ્લાહવાળાઓ માટે જેઓ ઉલમાએ અઅ્લામ તથા ઔલિયાએ કિરામ છે **ઈક઼્તેદાઉન્નસ** છે એટલે કે બંને માટે (નસ્સે ક઼તઈ) કુર્આની આયતોથી દલીલ છે.

વાત પરતી વાત નીકળતી હોય છે. અહીં સૌ વાંધો ઉઠાવનારાઓ સાંભળી લે કે, કુર્આને કરીમમાં ખાસાને ખુદા (ઉલમા વ અવલિયા)ના ત્રણ સમયોને નિશ્ચિત ફર્માવવામાં આવ્યા છે જે મનાવવામાં આવે, યૌમે મીલાદ જેમ કે આપણે મુસલમાનો મીલાદ શરીફની મહેફિલ કરીએ છીએ. બીજો યૌમે વિસાલ જેમ કે આપણે મુસલમાનો બુઝુર્ગાને દીનના ઉર્સો કરીએ છીએ. પરંતુ

ત્રીજો દિવસ યૌમે હશ્ર છે જ્યારે કે ખુદાના મક્બૂલ બંદાઓની શફાઅત ફર્માવવાનો દિવસ હશે, અને એની યાદ મનાવવી આપણા વશની વાત નથી, એ તેઓ ખૂદ ખુદા આપણા પર કરમ ફર્માવીને મનાવે, અને ઈન્શાઅલ્લાહુ તઆલા મનાવશે. તો કુર્આની તાબીર એ થઈ કે, મુસલમાનો ! આ ત્રણ દિવસો છે એમાંથી પેદાઈશ તથા વિસાલ મનાવવું તમારું કામ છે. જો તમે એ યાદગાર મનાવવાના આદી થઈ જાવ તો ત્રીજો દિવસ મહબૂબાને ખુદાની શફાઅતનો દિવસ છે, તેના મુસ્તહિક્ (હક્ક્દાર) થઈ જશો. અને જે તમારે કરવાનું છે તે જો ન કર્યું તો શફાઅતથી મહરૂમ રહેશો. અને **એ જ જોવામાં પણ આવી રહ્યું છે કે જેઓ આ બંને દિવસોની યાદગાર મનાવવામાં બાબતે વિરોધ પ્રદર્શિત કરી ગુસ્સામાં ભડકી ઉઠે છે તેઓ જ આજે ખુલ્લમ ખુલ્લા શફાઅતના મસ્અલાનો ઈન્કાર કરે છે ! અથવા તો એવો ઈકરાર કરે છે જે ઈન્કારથી પણ બદ્તર છે !** તેઓ અંબિયા તથા અવલિયાથી એ રીતે માયૂસ થઈ ચૂકેલા છે કે કુર્આની બોલીમાં જેને **كَمَا يَئِسَ الْكُفَّارُ مِنْ اَصْحَابِ الْقُبُوْرِ** "જેમ કે કાફિરો કબ્રવાળાથી માયૂસ થઈ ગયા" ફર્માવવામાં આવેલ છે.

## ★ આ'લા હઝરતની યાદગાર ★

આપણે સૌ કુર્આને કરીમનો સહારો લઈને એ મહીનાની યાદ મનાવવા માટે એકત્ર થયા છીએ જે મહીનામાં અલ્લાહ તબારક વ તઆલાના એક મક્બૂલ બંદા અને રસૂલે પાક ﷺના સાચા નાયબ ઈલ્મના અડગ પહાડ અને નેક અમલોના ઉત્તમ નમૂના, ફિલોસોફીમાં ઘુઘવતા સાગર અને મનકૂલાતમાં અસીમ સમંદર (અઢળક ઈલ્મવાળા) અહલે સુન્નતના ઈમામ વાજિબુલ

એહતેરામ અને **અરબ તથા અજમના ઈજમાઅ સાથે આ સદીના મુજદ્દિદ,** હક્કની તસ્દીક (સમર્થન)માં સિદ્દીકે અકબરના પ્રતિબિંબ અને બાતિલને સાફ કરી દેવામાં ફારૂકે આ'ઝમના મઝહર, રહમો કરમમાં ઝુન્નુરૈન ઉષ્માને ગનીની તસ્વીર, બાતિલને કચડવામાં હૈદરી તલવાર, ફિકહની દૌલત તથા દીની સમજ (ફિકહ)માં અમીરુલ મો'મિનીન અને સલ્તનતે કુર્આન તથા હદીષના સર્વમાન્ય મુજતહીદોના વજીર આ'લા હઝરત અલલ ઈત્લાક, ઈમામે અહલે સુન્નત ફિલ આફાક, મુજદ્દિદે મિઅતે હાઝિરહ્, મુવૈયિદે મિલ્લતે તાહિરહ્, અઅ્લમુલ ઉલમા ઈન્દલ ઉલમા, કુતબુલ ઈર્શાદ અલા લિસાનુલ અવલિયા વ મૌલાના વ ફી જમીઉલ કલામાત, બાકી બિલ્લાહ, આશિકે કામિલે રસૂલુલ્લાહ, મૌલાના શાહ અહમદ રઝા રહમતુલ્લાહિ અલૈહ વ રદિયલ્લાહુ તઆલા અન્હૂ વ અરદાહૂના કદમે અવ્વલે અદ્લ આ પૃથ્વી પર જલ્વાગર થયો.

## ★ ઈમામ અહમદ રઝાનો મકામ ★

તેરમી સદીની આ એકલી શખ્સિયત હતી જે સદી ખત્મ થતાં પહેલાં ઈલ્મો ફઝ્લનો આફતાબે ફઝ્લો કમાલ બનીને ઈસ્લામિયાતની તબ્લીગમાં અરબ તથા અજમ પર છવાઈ ગયો અને ચૌદમી સદીના પ્રારંભમાં જ આખા ઈસ્લામી આલમમાં તે હક્ક તથા સદાકતનો નૂરાની મિનારો (દીવાદાંડી) સમજાવા લાગ્યો. મારા જેમ સર્વ કોઈને એનો સ્વીકાર છે કે **આ ફઝ્લો કમાલની ગહરાઈ અને આ ઈલ્મના અડગ પહાડને આજ સુધી કોઈ માપી શક્યું નથી.**

## ★ વાઈસ ચાન્સેલર આ'લા હઝરત رحمۃ اللہ علیہની ખિદમતમાં ★

મૌલાના સૈયદ સુલયમાન અશરફ સાહબ બિહારી મર્હૂમ,

મુસ્લિમ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. ઝિયાઉદ્દીન સાહબને લઈને જ્યારે એટલા માટે આ'લા હઝરતની ખિદમતમાં હાજર થયા કે એશિયાભરમાં ડોકટર સાહબ ગણિત તથા ફિલોસફીમાં ફર્સ્ટકલાસની ડિગ્રી ધરાવતા હોવા છતાં એક સમસ્યા (પ્રશ્ન)ને હલ કરવામાં જિંદગીનાં કિંમતી વરસો ખર્ચીને પણ હલ ન કરી શક્યા હતા અને ફિલોસોફીનો નશો તેમના પર છવાયેલો હતો. તો આ'લા હઝરતે અસ્ર તથા મગરિબની વચ્ચેના ટૂંકા ગાળામાં પ્રશ્નનો હલ પણ લખાવી દીધો અને ફિલોસોફીના નશાની ખેંચતાણને પણ ખત્મ ફર્માવી દીધી ! જે પુસ્તિકારૂપે છપાઈ પણ ચૂકેલ છે. ત્યારે ડોકટર સાહબ આશ્ચર્યમાં ડૂબી ગયા હતા કે તેમનો યૂરોપનો કોઈ થીયરીવાળો શીખવાડી રહ્યો છે અથવા એ જ દેશનો કોઈ અચ્છો માહિર તેમને ભણાવી રહેલ છે ! તેમણે આ સોહબતના પ્રતિભાવ એ રીતે દર્શાવ્યા હતા કે, ''આપણા જ દેશમાં જ્યારે મઅ્કૂલાત (ફિલોસોફી તથા હિકમત)નો આવો એક્સપર્ટ મૌજૂદ છે તો પછી અમે યૂરોપમાં જઈને જે કાંઈ શીખ્યું તે પોતાનો સમય જ બગાડયો છે !''

### ★ મઅકુલાત (ફિલોસોફી)માં આ'લા હઝરતનો મક઼ામ ★

એ નિત્યક્રમ હતો કે અવકાશશાસ્ત્ર તથા ગણિતશાસ્ત્રના નિષ્ણાતો પોતાની ઈલ્મી મુશ્કેલીઓને લઈને આવતા અને ક્ષણવારમાં આપ એમને હલ ફર્માવીને ખુશી ખુશી વિદાય ફર્માવતા. મેં તો એ પણ જોયું કે ભવિષ્યવેત્તા આવ્યા અને પોતાની ઈલ્મી સમસ્યાઓ રજૂ કરી તો આ'લા હઝરતે સસ્મિત વદને એવી રીતે જવાબ આપીને ખુશ કરી આપ્યા કે જાણે એ સમસ્યા અને તેનો હલ અગાઉથી તૈયાર જ હતો !

એકવાર સદરા (કિતાબનું નામ)ના માયનાઝ હેમારી (ફિલોસોફીની બોલી) વિશે મને સવાલ કરીને જ્યારે કિતાબી જવાબની દુરૂસ્તગી જોઈ. પછી પોતાની તેહક઼ીક઼ (સંશોધન) વર્ણન કરી તો મેં મહેસૂસ કર્યું કે હેમારીની હિમાયત બેપર્દા થઈ ગઈ અને ઉરૂસીનો ઉરૂસ ખત્મ થઈ ગયો !

એ વિશે આ'લા હઝરતના ઈર્શાદો જ્યારે મને મળ્યા તો ઈકરાર કરવો પડયો કે મુલ્લા મહમૂદ આજે હોત તો આ'લા હઝરતની તરફ રુજૂઅ કરવાની હાજત મહસૂસ કરત !

આ'લા હઝરતે કોઈ એવી વિચારધારાને કદી સહી સલામત ન રહેવા દીધી જે ઈસ્લામી તા'લીમાતના ટકરાવમાં રહી શકે. જો તમે ફલક (આકાશ)ના વજૂદને જાણવા ઈચ્છતા હોવ અને જમીન તથા આસમાન બંનેને સ્થિર સમજવા માગતા હોવ અને ગ્રહોના (**Planet**) વિશે وَكُلٌّ فِى فَلَكٍ يَّسْبَحُوْنَ ''જે કાંઈ આસમાનમાં છે તે ઘુમે છે''ને દિમાગમાં બેસાડવા ઈચ્છતા હોવ તો એ કિતાબોનો અભ્યાસ કરો જે આ'લા હઝરતના ક઼લમથી અસ્તિત્વમાં આવી છે. અને એ રાઝ આપના પર દરેક ઠેકાણે ઉઘડતુ જશે કે ફિલોસોફી તથા ગણિતશાસ્ત્રવાળા પોતાના માર્ગના કયા વળાંકે ભટકી જતા હોય છે.

## ★ આ'લા હઝરતની આશ્ચર્યજનક ઈલ્મી મહારત ★

આ તો જ્ઞાનવિજ્ઞાનનો હાલ હતો, એનો અંદાજો એના પરથી લગાડો કે આજની ઈલ્મી દુનિયા પચાસ ઈલ્મો ફન (વિષયો)ના નામોથી બેખબર છે અને આ'લા હઝરતની મુબારક ક઼લમેથી પચાસ ઈલ્મો ફનના વિસ્તૃત રિસાલાઓ (કિતાબો) તૈયાર છે ! એક દિવસે એવું થયું કે આ'લા હઝરતે અસ્રની નમાઝ

માટે વુઝૂ કરતી વેળા મને ઈર્શાદ ફર્માવ્યો કે સહજ અરઝે શજરહ (ગણિત સંબંધી)નો હિસાબ યૂનાનીઓએ જ કોશિશથી કર્યો હતો હવે દુનિયા સમક્ષ જાહેર થઈ ગયું કે યૂનાન બલ્કે દુનિયાના દરેક પહાડથી ઊંચા પહાડ હિમાલયની ટોચ એવરેસ્ટ છે, શું એનાથી હિસાબ લગાડી આપશો ? મેં બે દિવસની મોહલત માગી અને રાત દિવસ પાનાંઓ પર લખતો ગયો. જ્યારે સાચો હિસાબ તૈયાર કરીને હાજર થયો તો ફર્માવ્યું કે, શું તમારો જવાબ આ છે ? મેં "હા" તો કહી દીધું પણ **આશ્ચર્યચક્તિ હતો કે જે હિસાબ પાછળ મારા દિમાગનો કસ નીકળી ગયો, તે હિસાબ એક ધડાકામાં કહી આપનાર કેવળ એક જ આલિમ છે તે એવો છે કે ડિક્ષનરીમાં તેના વિશે (પ્રશંસામાં) જણાવવામાં માટે કોઈ શબ્દ જ નથી !** મારા સાચા જવાબ પર (આલા હઝરતે) જે દુઆઓ ફર્માવી હતી આજે તે જ મારા માટે સર્વ કાંઈ છે.

## ★ આ'લા હઝરતના ભરપૂર કમાલો ! ★

આજે હું તમને જગબીતી નહીં બલ્કે આપવીતી સંભળાવી રહ્યો છું કે, જ્યારે દર્સે નિઝામી તથા દર્સે હદીષને પૂર્ણ કર્યા બાદ મારા મુરબ્બીઓએ ઈફતાના કામ માટે મને આ'લા હઝરતના હવાલો કર્યો તો જિંદગીની **એ જ ઘડીઓ મારા માટે જિંદગીનો સરમાયો બની ગઈ અને હું મહસૂસ કરવા લાગ્યો કે આજ સુધી જે કાંઈ પઢયો હતો તે કાંઈ ન હતું અને હવે એક ઈલ્મના દરિયાના કિનારે આવી પહોંચ્યું છું !** ઈલ્મે સીંચવો અને ઈમાનને રગ રગમાં ઉતારી દેવું અને સહીહ ઈલ્મ આપીને નફ્સને પાક સાફ કરી દેવું આ તે કરામત હતી જે દર મિનિટે બહાર પડતી રહેતી હતી.

### ★ ઈફ્તાની ખુદાદાદ અઝીમ સલાહિયત (આવડતો) ★

આપની આદતે કરીમહ હતી કે સવાલ (ઈસ્તિફતા) એક એક મુફતીને વહેંચી આપતા અને પછી અમે લોકો દિવસભર મહેનત કરીને જવાબો તૈયાર કરતા પછી અસ્ર અને મગરિબ વચ્ચેની સંક્ષિપ્ત ઘડીઓમાં દરેક પાસેથી પ્રથમ સવાલ અને પછી ફત્વો સાંભળતા, અને એકી સમયે સૌને સાંભળતા, એ જ સમયમાં લેખકો પોતાનું લખાણ બતાવતા, મૌખિક પ્રશ્નો કરનારાઓને પણ ઈજાઝત હતી કે જે કહેવું હોય તે કહે અને જે સાંભળવું હોય સંભળાવે. આટલી અવાજો અને આટલા પ્રમાણમાં વિવિધ વાતો અને કેવળ એક જ જાતનું સૌની તરફ ધ્યાન રાખવું, જવાબોની તસ્દીક તથા ઈસ્લાહ, લેખકોને સમર્થન કરવું તથા ગલતીઓને સુધારી આપવું, મૌખિક પ્રશ્નો સંતોષકારક જવાબો અપાઈ રહ્યા છે અને ફિલોસોફરની આ ધુનકી لَا يَصْدُرُ عَنِ الْوَاحِدِ اِلَّا الْوَاحِدُ "એકથી કેવળ એક જ નીકળે છે"ની ધજ્જીઓ ઉડી રહી છે ! જે સવાલો તથા જવાબોના હંગામામાં મોટા મોટા ઈલ્મો ફન (વિદ્યાકળા)ના માહિરો માથુ પકડીને ચૂપ બની બેસી પડે છે કે કોનું સાંભળે અને કોનુ ન સાંભળે ?! પણ ત્યાં તો સૌને સાંભળ વામાં આવતા હતા અને સૌની ઈસ્લાહ ફર્માવી દેવામાં આવતી હતી, એટલે સુધી કે સાહિત્યિક બાબતો ઉપર પણ નજર પડી જતી હતી અને તેને ઠીક કરી આપતા હતા.

### ★ આ'લા હઝરતની હેરતઅંગેઝ યાદશક્તિ ★

આ ચીજ રોજ બનતી હતી કે જવાબની પૂર્ણતા માટે જુઝઈય્યાતે ફિકહ (ફિકહની શાખો)ની તલાશમાં લોકો થાકી જતા તો આપને અર્ઝ કરતા અને આપ તે જ ઘડીએ ફર્માવી આપતા કે

રદુલ મુહ્તાર ભાગ ફલાણાના પેજ નંબર ફલાણાની ફલાણી લીટીમાં આ શબ્દો સાથે મૌજૂદ છે ! દુર્રે મુખ્તારના ફલાણા પેજ, ફલાણી લીટીમાં આ પ્રમાણે લખાણ છે ! આલમગીરીમાં ભાગ, પેજ લીટી તથા શબ્દો સાથે મૌજૂદ હોવાનું જણાવતા ! હિંદિયહમાં, ખૈરિયહમાં, મબસૂતમાં એકે એક ફિક્હની કિતાબની મૂળ ઈબારત પેજ લીટી સાથે જણાવી આપતા. હવે જો કિતાબોમાં જઈને જોવામાં આવતુ તો પેજ, લીટી, લખાણ તે જ જોવા મળતું જે આ'લા હઝરતે ફર્માવ્યું હતું !

એને તમે વધુમાં વધુ એ જ કહી શકો છો કે ખુદાદાદ યાદશક્તિ વડે ૧૪૦૦ વરસની સર્વ કિતાબો યાદ હતી તો એ ચીજ પણ એના સ્થાને આશ્ચયજનક તો છે જ, પણ હું તો એ કહી શકું છું કે કુર્આને કરીમના હાફિઝે વરસો સુધી કુર્આને અઝીમને પઢીને હિફ્ઝ થયો, મેહરાબ સંભળાવવાની તૈયારીમાં આખો દિવસ કાપી નાખ્યો (પઢતો રહ્યો) અને કેવળ એક કિતાબથી વાસ્તો રાખ્યો. હિફ્ઝ પછી વરસો વરસ એમાં મશ્ગૂલ રહ્યો, બની શકે છે કે કોઈ હાફિઝને તરાવીહમાં લુકમાની હાજત ન પડી હોય, જો કે એવું જોવામાં નથી આવ્યું ! અને શક્ય છે કે હાફિઝ સાહબ કોઈ કુર્આની આયતને સાંભળીને એટલુ યાદ રાખે કે તેમની પાસે જે કુર્આને કરીમ છે તેમાં એ આયતે કરીમહ્ જમણી બાજુ કે ડાબી બાજુ છે, જો કે આ પણ ખૂબ જ દુર્લભ ચીજ છે. પણ આ તો નિયમાનુસાર અશક્ય અને તદ્દન અશક્ય છે કે કુર્આની આયતના પેજ નં તથા લીટી નં. બતાવવામાં આવી શકે ! તો કોઈ જણાવે કે તમામ નાની મોટી કિતાબના દરેક વાક્યને પેજ નં., લીટી નં. સાથે જણાવી આપનાર આખા કુતબુખાનાને કેવળ હાફિઝ જ છે અથવા તે આ'લા કરામતનો નમૂનાએ રબ્બાનિયહ

છે. જેના બુલંદ કામ (ઉચ્ચસ્થાન)નું વર્ણન કરવાના માટે અત્યાર સુધીના શબ્દકોશવેત્તાઓ તથા ભાષશાસ્ત્રીઓ શબ્દ શોધવાથી આજિઝ રહ્યા છે !

## ★ મારી શરારત ! ★

મને મારી તે શરારત યાદ છે કે જાણીબુઝીને જાણમાં હોય તેવા જુઝઈય્યાતે ફિક્હ પૂછતો તો આ'લા હઝરત સસ્મિત જણાવી આપતા અને અધિક હવાલાઓ જણાવી આપતા ! હું પેજ નં., લીટી નં. લખાણ સાથે નોંધી લેતો કે શાયદ પેજ, લીટી કે લખાણમાં કોઈક શબ્દ કે નુકતાની ભૂલ થઈ જાય, પણ આજે હું ઘણી જ ખૂશીપૂર્વક સાલેહ ઈકરાર સાથે જણાવું છું કે મારી શરારતભરી તમન્ના હમેશાં અપૂર્ણ જ રહી.

## ★ શાનદાર કરામત ★

મેં હિસાબની તા'લીમ સ્કૂલી તૌર પર મેળવી હતી જેથી હિસાબની પ્રેક્ટિસમાં ઘડાયેલો હતો અને એટલે આ'લા હઝરત એવા ફત્વાઓ મને સોંપી દેતા હતા. એકવાર પંદર પેઢીઓ વિશે નુસ્ખો આવ્યો. સ્પષ્ટ છે કે મૂળ પ્રથમ વ્યક્તિ (મૂરિષે આ'લા)ની પંદરમી પેઢીમાં ડઝનબંધી વારસદારો હોય ! **એના જવાબમાં મારે બે રાતો અને એક દિવસ સતત મહેનત કરવી પડી અને આના, પાઈ સાથે ડઝનબંધી વારસોના હક્ક઼ોને લખી નાખ્યા.** અસરની નમાઝ બાદ પ્રશ્ન સંભળ ાવવા (આ'લા હઝરત પાસે) બેઠો જે ઘણો જ લાંબો હતો. ફલાણો મરી ગયો અને ફલાણા ફલાણાને વારસ તરીકે છોડયા, પછી ફલાણો મર્યો અને તેણે આટલા વારસદારો છોડયા. એમાં કેવળ નામોની સંખ્યા એટલી મોટી હતી કે ફુલસ્કેપ સાઈઝના

બે પેજ ભરેલાં હતાં ! જ્યારે આ પ્રશ્ન હું વાંચી રહ્યો હતો ત્યારે મેં જોયું કે આ'લા હઝરતની આંગળીઓ હરકતમાં છે, **જેવો પ્રશ્ન પૂરો થયો તેવો જ જરાય મોડુ કર્યા વગર આપે ઈર્શાદ ફર્માવ્યો કે, તમે ફલાણાને આટલુ અને ફલાણાને આટલુ આપ્યું ! ડઝનબંધી લોકોનો હિસ્સો દરેકના નામ સાથે જણાવી આપ્યો !**

હવે હું આશ્ચર્યના સમંદરમાં ગરકાવ થઈ ગયો કે પ્રશ્ન વીસ વખત તો મેં વાંચ્યો અને દરેક નામને વારંવાર વાંચીને તેનો હિસ્સો નોંધી લીધો પરંતુ મને કેવળ સૌ જીવતી વ્યક્તિઓનાં નામ કોઈ પૂછે તો પ્રશ્ન તથા જવાબમાં જોયા વિના નથી બતાવી શક્તો. તો પછી આ શું કમાલ છે ?! આ કેવી ઈલ્મી પહોંચ ?! તૌબા ! તૌબા ! **આ કેટલી શાનદાર કરામત છે કે એક વખત પ્રશ્ન સાંભળ્યો તો ડઝનબંધી વારસદારોમાંથી એક એક નામ યાદ રહ્યું અને દરેકનો સહીહ હિસ્સો એ રીતે જણાવી આપ્યો કે જાણે કેટલાય મહીનાઓ સુધી કોશિશ કરીને હિસ્સા તથા નામને ગોખી લેવામાં આવ્યાં હોય !** હું તે સરકારમાં કેટલા પ્રમાણમાં શરારતી હતો અથવા નીડર બનાવી દેવામાં આવ્યો હતો કે મારો જવાબ આ'લા હઝરતની બેઠકની ચારપાઈ પર મૂકીને અર્ઝ કરવા લાગ્યો, હુઝૂર ! શું આ ઈલ્મોનો કોઈ હિસ્સો અતા કરવામાં નહીં આવે ! જેનું ઉલમાએ કિરામમાં નિશાન પણ જોવા નથી મળતું ! સ્મિત સાથે આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે, **"મારી પાસે ઈલ્મ કેવો ? કે જે કોઈને આપું ! આ તો આપના જદ્દે અમજદ સરકારે ગૌષિયતનો ફઝ્લો કરમ છે, બીજું કાંઈ નથી !"** આ જવાબ મારા

જેવા ખાનદાનના સભ્યને માટે બોધદાયક પણ હતો કે **લૂટનારા લૂટીને ખજાનાવાળા થઈ ગયા અને હું પિદરમ સુલ્તાન બુવદ (મારા બાપદાદા સુલ્તાન હતા !)ના નશામાં પડ્યો રહ્યો** ! અને આ જવાબ એનો પણ નિર્દેશ કરતો હતો કે **ઈલ્મના મજબૂત પહાડો પણ તવાઝોઅના મક઼ામમાં (પોતાને તુચ્છ જાણવામાં) શું હતા છતાં પોતાને શું કહે છે** ! આ શરારત મેં વારંવાર કરી અને એનો એ જ જવાબ મળતો રહ્યો અને દરેક વખતે હું એવો થઈ ગયો કે મારા અસ્તિત્વના સર્વ અંગો હેઠાં પડી ગયાં !

**★ કુર્આન શરીફ઼નો શ્રેષ્ઠ તર્જુમો એટલે 'કન્ઝુલ ઈમાન' !! ★**

ઈલ્મે કુર્આનનો અંદાજો કેવળ આ'લા હઝરતના આ ઉર્દૂ તર્જુમાથી કરો જે મોટાભાગના ઘરોમાં મૌજૂદ છે અને જેનું (કન્ઝુલ ઈમાનનું) ન કોઈ દષ્ટાંત માજીમાં અરબી ભાષામાં છે ન ફારસીમાં અને ન ઉર્દૂમાં. અને જેનો એક એક લફ્ઝ (શબ્દ) પોતાના સ્થાને એવો છે કે બીજો લફ્ઝ તે જગાએ મૂકી નથી શકાતો. જે જાહેરમાં તો કેવળ તર્જુમો છે પણ હક઼ીક઼તમાં તે કુર્આનની સાચી તફસીર અને ઉર્દૂ ભાષામાં કુર્આન છે ! આ તર્જુમાની શરહ હઝરત સદરુલ અફાઝિલ ઉસ્તાઝુલ ઉલમા, મૌલાના શાહ નઈમુદ્દીન رحمۃ اللہ علیہએ હાશિયા પર લખી છે. આપ (સદરુલ અફાઝિલ) ફર્માવતા હતા કે શરહ દરમ્યાન એવું કેટલીયેવાર બન્યું કે આ'લા હઝરતના વાપરેલા શબ્દના સ્થાને (અન્ય શબ્દની) ચકાસણીની તલાશમાં દિવસ પર દિવસો પસાર થઈ ગયા અને રાત પર રાત વહેતી રહી અને છેવટે માખઝ (અસ્લ–માદ્દો) મળ્યું તો તર્જુમાનો શબ્દ અટલ જ

નીકળ્યો ! આ'લા હઝરત ખૂદ શેખ સઅદીના ફારસી તર્જુમાની પ્રશંસા કર્યા કરતા હતા પરંતુ **જો હઝરત સઅદી ઉર્દૂ ઝબાનના આ તર્જુમાને જોઈ લેત તો ફર્માવી જ આપત કે, ''તર્જમએ કુર્આન શયએ દીગર અસ્ત વ ઈલ્મુલ કુર્આન શયએ દીગર'' (એટલે કે કુર્આનનો તર્જુમો અલગ ચીજ છે અને કુર્આનનો ઈલ્મ અલગ ચીજ છે.)**

## ★ આ'લા હઝરત અને ઈલ્મે હદીષ ★

ઈલ્મે હદીષનો અંદાજો એના પરથી કરો કે જેટલી હદીષો હનફી ફિક્હને માખઝ છે તે સૌ દરેક સમયે નજરો સમક્ષ ! અને જે હદીષો વડે હનફી ફિક્હને જાહેરી સ્થિતિમાં જોતાં સમર્થન નથી તેની રિવાયત તથા દિરાયનતી ખામીઓ દરેક સમયે નજરો સમક્ષ ! ઈલ્મે હદીષમાં સૌથી નાઝુક ક્ષેત્ર ઈલ્મે અસ્માઉર્રિલનું છે. આ'લા હઝરતની સમક્ષ કોઈ સનદ પઢવામાં આવતી અને રાવીઓના બારામાં પૂછવામાં આવતું તો દરેક રાવીની જિરહો તા'દીલ (રાવીઓ વિશેની વિગતો)ના જે શબ્દો ફર્માવી આપતા હતા અને ઉઠાવીને જોવામાં આવતું તો તકરીબ વ તહઝીબ વ તઝઈબમાં એ જ શબ્દ મળી જતો હતો. યહ્યા નામના સેંકડો હદીષના રાવીઓ છે પરંતુ જે યહ્યાના તબક્રા અને અસનાદ અને શાર્ગિદના નામ બતાવી દેવામાં આવતાં તો એ વિદ્યાના આ'લા હઝરત ખૂદ મૂજિદ (પેદા કરનાર) હતા. તબક્રા અને અસ્માથી જણાવી આપતા કે રાવી ષિક્હ (ઈલ્મ દિયાનતદારી, પરહેઝગારીમાં વિશ્વાસુ વ્યક્તિ) કે મજરૂહ. એને કહે છે ઈલ્મની અડગતા અને ઈલ્મથી કામિલ લગાવ અને ઈલ્મી અભ્યાસની વિશાળતા અને ખુદાદાદ ઈલ્મી કરામત !

## ★ આ'લા હઝરતનું ભવ્ય કારનામુ ★

હવે જરા આ'લા હઝરતનાં કેટલાંક વિશિષ્ટ કારનામાઓ જોઈએ. એ તે જ સમય હતો જયારે વહાબિયત જન્મ લઈ રહી હતી અને જેમ કે દસ્તૂર છે કે બાતિલ તેહરીક પોતાના પ્રારંભકાળમાં વિરોધાભાસી વાતોમાં સપડાયેલી રહે છે. હમણાં કાંઈ કહ્યું પછી તેનાથી ફરી જઈને તેની વિરુદ્ધ કાંઈ બીજું કહ્યું ! ''સિરાતે મુસ્તકીમ'' (દેવબંદી કિતાબ)માં કોઈ ચીજને બુઝુર્ગોનો ઈર્શાદ દર્શાવ્યો તો બીજી દેવબંદી કિતાબ ''તક્વિયતુલ ઈમાન''માં એને જ બિદઅત તથા ગુમરાહી લખી માર્યુ ! એકે કાંઈ કહ્યું તો બીજાએ કાંઈ બીજું જ ! દેવબંદી મોલ્વી રશીદ અહમદ ગંગોહીએ પોતાને આગાતકી સમજીને ફત્વો આપી દીધો કે આગાતકીના બાગમાં કાગડો હલાલ છે અને કાગડો ખાવાને સવાબનું કાર્ય ઠરાવ્યું ! બકરાના કપૂરા પણ હજમ કરવા લાગ્યા, હોળી–દીવાળીમાં મૂર્તિઓને ચઢાવેલ તોહફાઓ સ્વીકારવા લાગ્યા અને એ રીતે અલ્લાહની હરામ કરેલ ચીજને હલાલ કરી દીધી. તો બીજી બાજુ વહાબી ફિર્કાના સૌ વડીલોએ મીલાદ શરીફની શીરીની અને બુઝુર્ગોના આસ્તાનાની ન્યાઝો, મુહર્રમની સબીલ, બારમી શરીફ અને ૧૧મી શરીફના તબર્રુકોના માટે નજીસ હરામ અને કુફ્રી પુલાવની બકવાસ શરૂકરી દીધી, એટલે કે અલ્લાહની હલાલ કરેલ ચીજને હરામ કરી દીધી. તૌહીદના મસ્અલાની આડમાં એ સ્પ્રિટ પેદા કરવામાં આવ્યું કે અંબિયા અને અવલિયાને સામાન્ય માણસથી ઉચ્ચ સ્થાને જાણવું જ શિર્ક છે ! જો મુવહ્હિદ છો તો અંબિયા અને અવલિયાથી અલગ થઈ જાવ, તેમનો ઉલ્લેખ પણ ન કરો. અને જો દેવબંદીના ગુરૂ થાન્વીજીની બોલીમાં ફસાઈ જાવ તો

એ કે લેહાજ એ રહે કે તારીફ એવી કરો જે સામાન્ય બશરિયત (માણસપણા)થી ઉચ્ચ ન હોય ! બલ્કે શક્ય હોય ત્યાં સુધી એવી બોલી બોલો જેનાથી લોકો સમજે કે બશરિયત પણ મોટી ચીજ છે ! અંબિયા તથા અવલિયાને બશરિયતથી કમ હોવાનું યક઼ીન અપાવો. ત્યારબાદ કુદરતી તૌર પર જ્યારે અક઼ીદાને લગતા અમલોને બુરુ ભલું કહી ચૂક્યા તો અક઼ીદાઓ પર ડાયરેક્ટ જબરદસ્તી હુમલો શરૂકરી આપ્યો, દેવબંદીઓ થકી એલાન કરવામાં આવ્યું કે ખુદાના કલામમાં પણ જૂઠની દખલ હોઈ શકે છે, અલ્લાહ તઆલાને સાચો એમ સમજીને ન કહો કે તેનું દરેક ઐબથી પાક હોવું વાજિબ છે અને જૂઠ તેના કલામમાં અશક્ય (મુહાલ) છે બલ્કે જો અલ્લાહ તઆલાને પાક તથા બેઅયબ કહેવાની મજબૂરી આવી પડે તો એમ સમજીને કહો કે નિયમનુસાર જૂઠ નથી બોલતો પરંતુ જો બોલી કાઢે બલ્કે પોતાને સઘળા અયબોમાં ખરડી કાઢે તો તે ક઼ાદિર તથા મુખ્તાર છે ! ન એ અક઼્લન બાતિલ છે ન શરઅન ! (ખુદાની શાનમાં આ મહાન તૌહીન વહાબીઓના ગુરૂઓ તરફથી છે.)

## ★ રસૂલેપાક ﷺની શાનમાં દેવબંદીઓની ગુસ્તાખી ★

રસૂલેપાક ﷺના બારામાં લખવામાં આવ્યું કે, એ તો મરીને માટીમાં ભળી ગયા, એમનો મર્તબો અલ્લાહની નજીક ચોહળે (ભંગી) ચમાર અથવા અધિકથી અધિક ગામના ચૌધરી જેટલો હતો. એક બોલ્યો કે ઈલ્મમાં (ઈલ્મના હિસાબે) રસૂલે પાક ﷺની અંદર કોઈ ખાસ શાન ન હતી, તેમને જો ગૈબનો ઈલ્મ હતો તો તેમાં કોઈ મોટી વાત ન હતી, એવો ઈલ્મ તો દરેક ઝયદ તથા અમ્ર બલ્કે દરેક બાળક તથા પાગલ બલ્કે તમામ

હયવાનો તથા ચોપગાંઓને પ્રાપ્ય છે. વળી એક બે (દેવબંદી) બોલ્યા કે ઈલ્મની વિશાળતા જોવી હોય તો અમારા ફિર્કાના આલિમ અઝાઝીલ (શૈતાન)ના ઈલ્મને જુઓ ! કે રસૂલના ઈલ્મથી કેટલો વધેલો છે ! જો રસૂલુલ્લાહ ﷺના ઈલ્મની વિશાળતાને માનશો તો મુશ્રિક થઈ જશો. તેમના (દેવબંદીઓના) ઈદારાના બાનીએ અમલની માપણી કરી તો (અમલમાં) ઉમ્મતીને નબી કરતાં વધારી દીધો ! મતલબ કે રસૂલે પાક ﷺના ઈલ્મને પણ ઘટાડયો અને અમલને પણ ઘટાડયો.

જરા વહાબીની આ કાફિરાના હિંમત તો જુઓ ! કે ખુદા તઆલાએ રસૂલેપાક ﷺને સ્પષ્ટ રીતે "ખાતમુન્નબિય્યીન" (અંતિમ નબી) ફર્માવ્યા છે, તેમ છતાં દેવબંદી ફિર્કાના જિમ્મેદારે કુર્આનમાં તોડમરોડ શરૂ કરી દીધી કે પાછલા નબી હોવામાં શું રાખ્યું છે ?! એવું સમજવું એ સામાન્ય લોકોનો તરીક઼ો છે. ખાતમુન્નબિય્યીન શબ્દની દલાલતે મુતાબિકી કેવળ ખત્મે ઝાતી પર છે, ખત્મે ઝમાની પર દલાલત જો છે તો તઝમ્મુની છે, એ ઈબારતુન્નસ નથી એ જરૂરી અક઼ીદો નથી, જરૂરી અક઼ીદો ખત્મેઝાતીનો છે. આ બોલાનારાએ ખૂબ જ જોર આપ્યું કે આ મસ્અલાના પ્રચાર બાદ તેમના ઈમામનો ખ્વાબ તાબીર પામે ! પણ કુર્આનને તોડમરોડ કરવાવાળાઓએ એ જોઈને મોઢામાં આંગળી નાખી દીધી કે ગુલામ અહમદ ક઼ાદયાનીએ એલાન કરી નાખ્યું કે, જો હજી નબી થઈ શકે છે તો પોતે જ થઈ જવામાં શું વાંધો છે ! નબી થઈ શકવાની જિમ્મેદાર દેવબંદી પાર્ટી છે, જો તેઓ પોતાના દાવાને નિભાવી શકે તો હું પણ મારા નબી હોવાને નિભાવી લઈશ ! હવે તમે

બતાવો કે, દીને પાકની સાથે આવી મજાક કરવામાં આવે, આવી કાફિરાના ગદ્દારીઓ કરવામાં આવે અને અલ્લાહ વ રસૂલ (عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ)ની શાનમાં ગુસ્તાખીઓ, બદ્ઝબાનીઓ કરવામાં આવે તો કોઈ જો ફનાફિદ્દુન્યા થઈને વિચાર જ ન કરે, કોઈ આકેબત (આખેરત)ના ખ્યાલથી આઝાદ એના પર ધ્યાન જ ન આપે, કોઈ દીન તથા દીનદારીથી ગાફિલ (આ બાબતોને) મોલ્વીઓની મોલ્વિયત (મોલ્વીઓનો ઝઘડો) ઠરાવીને અલગ થઈ જાય તો થઈ જાય !!......

## ★ પૂરી સદીના દીનનો જિમ્મેદાર ! ★

........મતલબ કે જેણે દીનથી કોઈ મજબૂત રિશ્તો ન રાખ્યો તે ચૂપ રહે તો રહે, પણ તે કઈ રીતે ખામોશ રહે જેને આખી સદીના દીને પાકનો જિમ્મેદાર થવાનું છે ?! તે અલ્લાહનો ''ફાનીફિલ્લાહ'' અને ''બાકીબિલ્લાહ'' બંદો જે ઐબ તો ઐબ છે કોઈ કળા કે કમાલમાં પણ અલ્લાહ તઆલાના માટે ''લફ્ઝે ઈમ્કાન'' (શક્યતાનો શબ્દો)નો ઈસ્તેમાલ આ ઝાતે કદીમ (અલ્લાહ)ની સિફાતે કદીમના માટે જાઈઝ ન ઠરાવે, તે ઐબના ઈમ્કાનને (શક્યતાને) કઈ રીતે બર્દાશ્ત કરે ?!

જે રસૂલેપાક ﷺનો આશિકે સાદિક હોય તે રસૂલેપાકની શાનમાં બદગુમાનીઓને કેવી રીતે સાંભળ્યા કરે ?!

જેથી એવું જ થયું કે કમાલનો એહતેયાત રાખવાના હેતુ સાથે આ બકવાસ કરનારા (દેવબંદી)ને પત્ર લખ્યો કે,..........શું આ તમારી બકવાસ છે ? શું આ બકવાસથી તમો રાજી છો ? શું આ બકવાસનો પ્રચાર તમારી ઈજાઝતથી છે ? જાણે કે આ મોહતાતે આ'ઝમે સમજાવી દીધું કે કોઈ બહાના

અથવા જૂઠ વડે પોતાની જિમ્મેદારી છોડી દે, પણ રજિસ્ટરો પર રજિસ્ટર ગયાં છતાં અહલે બાતિલની આંખો પર એવી પૂર્વગ્રહી (દુશ્મનીની) પટ્ટી બંધાયેલી રહી ગઈ કે આટલી ઢીલથી ફાયદો ન ઉઠાવ્યો અને એથી ઉલ્ટુ ઝબાન ચાલાકી અને બારીકથી બારીક તાવીલ (અર્થઘટન જે દલીલથી જાહેર નથી)ના થકી જે કુફ્રની જહન્નમમાં ક઼દમ રાખ્યો તેમાં ધસતા (ખૂપતા) ચાલ્યા ગયા.

એ વખતે ફારૂક઼ી અને હૈદરી ઝુલ્ફિક઼ારનું મ્યાન બહાર થવું વાજિબ થઈ ગયું હતું. જેથી દુનિયાએ જોયું કે ગુનાખોરીવૃત્તિવાળા મુજરિમોના એક એક જુર્મને એ રીતે ઉઘાડો કરી દીધો કે કુફ્ર તથા ઈર્તેદાદ (ઈસ્લામથી ફરી જવું)ના મુજરિમોને અરબ તથા અજબના ઉલમા તથા મશાઈખની સમક્ષ નગ્ન કરીને ઉભા કરી દીધા, અને આ આદી મુજરિમો (દેવબંદીઓ)ને હલાલ તથા હરામમાં એટલા અકાબિર (મહાન) મશાઈખ તથા આલિમોએ કુફ્ર તથા ઈર્તેદાદના મુજરિમ હોવાનો ફત્વો આપ્યો કે ૧૪ સદીઓમાં કોઈ ફિર્કા઼ની કોઈ મુજરિમ વ્યક્તિ પર આટલી મોટી સંખ્યામાં એકમતે ફત્વા આપ્યાનું ઈતિહાસમાં મૌજૂદ નથી ! (જુઓ : કિતાબ હુસ્સામુ હરમૈન)

## ★ કુફ્ર બોલનાર જાતે જ કાફિર ઠરે છે, કોઈ બનાવતુ નથી ! ★

આ તે પ્રસંગ હતો જેનો મુક઼ાબલો એ મલઊન પ્રોપેગન્ડા સાથે કરવાનો શરૂ થયો કે આસ્તાનાએ રઝવિય્યહ બરેલીમાં કુફ્રની મશીન છે, ત્યાં મુસલમાનોને કાફિર બનાવવામાં આવે

છે ! એ અક્કલના દુશ્મનોને એ ન સૂઝયું કે કોઈપણ વ્યક્તિ કોઈ અન્યને કાફિર બનાવવાની શક્યતા જ નથી ધરાવતી બલ્કે કુફ્ર બોલનાર જાતે જ પોતાને કાફિર ઠરાવે છે, અલબત્ત તેના કુફ્ર બોલવા અને કાફિર થવા વિશેની માહિતી મુસલમાન ઉમ્મતને આપી દેવામાં આવે છે જેથી કરીને લોકો તેનાથી બચે અને કુફ્રિયાત (કુફ્રી બોલી, વાતો)થી પોતાને મહફૂઝ રાખે. દુનિયા જાણે છે કે મુજરિમોને સજા એટલા માટે આપવામાં આવે છે કે જુર્મ (ગુના)નો પ્રતિકાર થાય. ચોરને મેજિસ્ટ્રેટ ચોર નથી બનાવતો બલ્કે તેના ચોરીના ગુનાહે તેને ચોર બનાવ્યો ! મેજિસ્ટ્રેટે તો ચોરને એટલા માટે સજા આપી કે બીજો એને જોઈને આ જુર્મમાં ન પડે. આ હતી શુદ્ધ (ખાલિસ) દીની ઈસ્લામી સિયાસત (ઈસ્લામી રાજકરણ) કે કશાય ખચકાટ વિના તથા કશીય તરફદારી વિના, ન કોઈની મોલ્વિયત જોવામાં આવે ન કોઈના સજદાઓની પરવા કરવામાં આવે, જો તે જુર્મમાં પડી ચૂક્યો છે તો મુજરિમ છે જેથી તેને તુરત સખતથી સખત શિક્ષા આપવામાં આવે.

સઅદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ મુલ્કે બેસિયાસત (પોલિટિક્સ વિનાના દેશ)ને જીવંત રહેવાનો હક્ક ન આપ્યો. એ પણ પોલિટિક્સ છે જેમાં જુર્મની પકડ તરત જ કરવામાં આવે અને ગુનાખોરીમાં પડવાના હોંસલાઓને દબાવી દેવામાં આવે. જો કાશ ! આપણા દેશના આપણા કલ્માગો આ સિયાસતને જાણી લેત અને તેના પર અમલ કરત તો ભારતથી લઈને અમેરિકા સુધી એ બકવાસ ન થઈ શકત જેના લીધે નામૂસે રસૂલે (રસૂલે પાક ﷺની ઈજ્જત)ના નામ પર જેલ જવાની નોબત આવે.

આ નાપાક હમદર્દી જે મુજરિમો સાથે વર્તવામાં આવી તેનું પરિણામ એ રસૂલે પાક ﷺની વિરુદ્ધ આ જમાનાનું ગંદુ લિટરેચર છે જે આપણી નજરો સમક્ષ ઉભરે છે. અને એ પણ જુઓ કે આ ગલતકારીના લીધે ભાવિ ઉમ્મતે ઈસ્લામિયહ્એ શું શું વેઠવાનું છે ?!

## ★ ઈસ્લામની દુનિયા તથા સુન્નિયત પર મહાન એહસાન ! ★

એ તો કહેવું જ પડશે કે આ'લા હઝરતે ભૂતકાળ તથા વર્તમાનની સાથે ભાવિને એવું નીરખી લીધું હતું અને મુજરિમોનો એવી પીછો કર્યો કે તેમને ચાલવાનો માર્ગ મળતો ન હતો અને દરરોજની કુફ્રી બકવાસનો ક્રમ તોડી નાખ્યો હતો (તેને લગામ પહેરાવી દીધી હતી.) નહીં તો જો હલકી બોલી અને બેઅદબીભર્યાં બયાનોનો ક્રમ રહેત તો આજે મઆઝલ્લાહ ! ઈસ્લામના નામ પર કુફ્રનવાઝી બેપનાહ થઈ ચૂકી હોત. **આ તો આ'લા હઝરત رحمۃ اللہ علیہનું ઈસ્લામી દુનિયા પર તથા સુન્નિયત પર મહાન એહસાન છે કે બકવાસવાળાઓની લાંબી લાંબી જુબાનોને કાપીને ફંગોટી દીધી અને કુફ્ર બકવાની હિંમતને કમજોર કરી દીધી** અને આ રીતે મુજરિમોને નગ્ન કરીને મુસલમાનોને તેમના કુફ્રી અંદાઝના શિકાર થવાથી બચાવી લીધા.

## ★ કુફ્રનો ફત્વો આપવામાં અનહદ સાવધાની ! ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ કોઈને કાફિર નથી બનાવ્યો બલ્કે કાફિર બનનારાઓના કુફ્રના જુર્મોને ઓપન કરી દીધા અને મુસલમાનોને કાફિર બનવાથી બચાવી લીધા. આ'લા

હઝરતની આ શાને એહતેયાતને જુઓ કે કોઈ શક્ય છૂટ એવી હતી જ નહીં જે મુજરિમોને ન આપવામાં આવી હોય. (કોઈ ચાન્સ છૂટ આપવાનો રહ્યો જ ન હતો.) જો કોઈની તૌબા (તૌબા કરી એવી વાત) મશ્હૂર થઈ ગઈ તો તેના કુફ્રિયાત ગણાવીને હુકમ લગાવતી વખતે એવી રિઆયત (છૂટ) વર્તી કે કેટલાક લોકો એ રિવાયતને જ સહન ન કરી શક્યા ! હઝરત અલ્લામા ફઝલેહક્ક઼ ખૈરાબાદી رحمۃ اللہ علیہ એ જે મુજરિમના ક઼ૌલને "ક઼ાલલ મુરીદે મુર્તદ" કહીને નક઼લ ફર્માવ્યું. એ તો ફક્ત આ'લા હઝરતની એહતેયાતવાળી (સાવધાન) ક઼લમ છે જેણે મન્સબે કુઝા (ક઼ાઝીના હોદ્દો)ની જિમ્મેદારીઓને ન છોડી અને ગમ સહ્યો, દુઃખ ઉઠાવ્યું પણ ક઼ાનૂની દરેક રિઆયત (ઢીલ)ને ફિતરી ગૈઝો ગઝબ (સ્વભાવિક ગુસ્સા જલાલ) પર સવાર કરી દીધી. (રિઆયતને અગ્રિમતા આપી)

## ★ વહાબીઓની છેવટે શા માટે પકડ મજબૂત કરી ? ★

હા, જ્યારે ગુલામ અહમદ ક઼ાદયાનીએ પોતાની નબુવ્વતના કુફ્રી દાવાને કોઈ રીતે ન છોડયો, નાનોત્વીએ ખાતમુન્નબિય્યીનના સત્ય અક઼ીદાની જરૂરતથી ઈન્કાર કર્યો અને એના પર જ અડી ગયો, ગંગોહી અને અંબેઠવીએ રસૂલે પાક ﷺના ઈલ્મના બારામાં હુઝૂર ﷺની સરખામણીમાં શયતાનના ઈલ્મને વધાર્યો અને પાછો ન હઠયો, થાનવી જ્યારે રસૂલે ખુદા ﷺના ઈલ્મની કક્ષાએ દરેક ઝયદ તથા અમ્ર તથા બાળકો તથા પાગલો તથા ચોપગાં જાનવરોની કક્ષા પર લાવ્યો, અને જીદ ન મૂકી, તો પછી ગણત્રીના એમના જેવા મુજરિમોની તૌબાથી નાઉમ્મીદ થઈને, તૌબા કરે તેવી કોઈ

આશા ન રહી તો એ શરઈ ફર્ઝને અદા કર્યો કે જેથી ઉમ્મતે મુસ્લિમહ સમક્ષ રોશન થઈ જાય અને તે (મુસલમાનો) જે અશમંજશમાં પડેલા છે કે મુજરિમો (ગુસ્તાખો)નો સાથ આપે તો દામને રસૂલ હાથથી સરકતો જાય છે, અને રસૂલેપાક ﷺના દામનને પકડેલો રાખે તો કહેવાતા મોલ્વીઓથી સંબંધ કટ કરવો પડે છે. આ'લા હઝરતે આ કશ્મકશનો ઈલાજ બતાવ્યો કે દામને રસૂલ જ મુસલમાનોની પનાહગાહ છે અને એના માટે કોઈ કહેવાતા મોલ્વી મુલ્લાની પરવા કરવામાં ન આવે. **રસૂલેપાક ﷺનો દામન દીન-વ-ઈમાનનો દામન છે તેને છોડીને કોઈ ભલે ગમે તે બની જાય પણ મુસલમાન નથી રહી શક્તો.** આ સ્પષ્ટ અને સાદા સામાન્ય અને નકારવા અશક્ય એવા તદ્દન રોશન પયગામને કુફ્રી મિશન કહીને પ્રોપેગન્ડો કરવો હક઼ીક઼તમાં એ હક઼ીક઼તને સાબિત કરે છે કે મુજરિમો અને તેમના સાથીઓની પાસે ગુનાહથી છટકવાનો કોઈ સામાન જ નથી. એમનું દિલ એ શિકાયત નથી કરી શક્તુ કે તેઓ બેગુનાહ છે, **અલબત્ત તેમને દુઃખ એ વાતનું છે કે એમના (ગુસ્તાખી ભર્યા) ગુનાહોને દુનિયા સમક્ષ જાહેર શા માટે કરી દેવામાં આવ્યા ? !** જેનો જવાબ ખૂદ તેમના ઈલ્મમાં પણ છે કે જ્યારે તૌબા કરવાથી મુજરિમોને મહરૂમ પામ્યા તો એ પૂછતાછ કરવામાં આવી જે શરીઅતે મુતહ્હરામાં ફર્ઝે ઐન થઈ ચૂકી હતી. જેમ કે **દેવબંદિયતના નક઼ીબ વ-રઈસુલ મુનાઝિરીન હસન ચાંદપૂરીએ છાપીને એલાન કરી આપ્યું કે, અમારા (દેવબંદીઓના) મોટેરાંઓના શબ્દોના જાહેરી અર્થો જે આ'લા હઝરતે પામ્યા તેના વિશે જો અમારા પર કુફ્ર બકવાનું જાહેર ન કરત તો ખૂદ કાફિર થઈ જાત !**

## ★ દેવબંદી તૌહીદ શું છે ? ★

આ'લા હઝરતે એ હક઼ીકતને ઓપન કરી આપી કે દેવબંદીની તૌહીદ બુતો અને મૂર્તિઓની વિરૂધ્ધ નથી બલ્કે તે કેવળ અંબિયા તથા ઔલિયા વિરૂધ્ધની તૌહીદ એ તેમની બોટલનું કેવળ છેતરામણુ લેબલ જ છે જે બોટલમાં શિર્ક, કુફ્ર તથા બિદઅત જ ભરેલું પડયું છે.

## ★ દેવબંદીઓનું ઈમાન શું છે ? ★

આ'લા હઝરતે એ પણ ફર્માવ્યું કે **દેવબંદીઓનું રસૂલ પર ઈમાન એ અર્થમાં નથી રસૂલે પાક ﷺ સૈયદુલ મુરસલીન છે, ખાતમુન્નબિય્યિત (આખરી નબી) છે, શફીઉલ મુઝનબીન છે, અકરમુલ અવ્વલીન-વ-આખરીન છે, અફ્લમુલ ખલ્ક઼ે અજમઈન છે, મહબૂબે રબ્બુલ આલમીન છે, બલ્કે કેવળ એ અર્થમાં રસૂલ પર ઈમાન છે કે, હુઝૂર વધુમાં વધુ (મર્તબામાં) મોટાભાઈ છે જે મરીને માટીમાં સમાઈ ગયા છે, તે હમેશાંથી બેઈખ્તિયાર અને અલ્લાહની નજીક મર્તબા વિનાના રહ્યા. જો તેમને બશર (માણસ)થી પણ કમ ઠરાવો તો તમારી તૌહીદ ઔર ચમકી ઉઠશે !** આ હક઼ીક઼તોને ઉઘાડી કરી દેવાનું મુક઼દસ પરિણામ એ છે કે આજે મુસલમાનોની જમહુરિયતે ઈસ્લામિયહ, મોટી બહુમતી સાથે દામને રસૂલ સાથે લપેટાયેલી છે અને ઈસ્લામના દુશ્મનો (વહાબીઓ)ની ચાલબાજીઓથી બચીને મુજરિમોના મોઢા પર થૂકી રહી છે.

## ★ રઝાકે નેઝેકી માર ! ★

દુનિયાએ એ હક઼ીકતને યાદ રાખવી જોઈએ કે તે આ'લા હઝરત જેમની ક઼લમના નેઝાની મારે કોઈની આંખો ફોડી નાખી

તો કોઈને કોઈ નમરૂદવાળી સજા આપી તો કોઈને હત પ્રભ કરીને રાખી દીધો, એટલે સુધી કે તેઓ મરીને માટીમાં ભળી ગયા. અહીં પણ કણસતા રહ્યા અને ત્યાં પણ ચીસો પાડી રહ્યા છે ! પણ **એટલી હિંમત આજ સુધી કોઈ ન કરી શક્યો કે આ'લા હઝરતની કોઈ કિતાબની નામ માત્રની પણ રદ લખીને છાપી દે !** મુકાબલાના મેદાનમાં આ મર્દે મેદાનની ખુદાદાદ ધાક (દબદબો) તથા જલાલતની જે સ્થિતિ હતી, એ આ'લા હઝરતના એ ઈર્શાદની હક્કાનિયતનું એલાન કરી રહી છે કે, ''યે રઝાકે નેઝેકી માર હૈ !''

## ★ આ'લા હઝરતે ઈમાનની મીઠાશ ચખાડી ! ★

મારા હદીષના વિષયના ઉસ્તાદના ઈમામને બયઅત હઝરત મૌલાના ફઝલુર્રહમાન સાહબ ગંજ મુરાદાબાદથી હતી, પણ હઝરતની ઝબાન પર પીરો મુર્શિદનો ઉલ્લેખ મારી સમક્ષ કદાપિ ન આવ્યો અને આ'લા હઝરતની ચર્ચા લંબાણપૂર્વક કરતા રહેતા હતા. ત્યારે હજી હું બરૈલી હાજર થયો ન હતો જેથી આ અંદાઝને જોઈને મેં એક દિવસ તેમને અર્ઝ કરી કે, હું તમારા થકી તમારા પીરની ચર્ચા નથી સાંભળતો અને આ'લા હઝરતના તમે ખુત્બા પઢતા રહો છો, તો શું વાત છે ? ! ફર્માવ્યું કે, જ્યારે મેં પીરો મુર્શિદથી બયઅત કરી (મુરીદ થયો) હતી ત્યારે હું એ અર્થમાં મુસલમાન હતો કે મારું આખુ ખાનદાન મુસલમાનનું ખાનદાન સમજવામાં આવતુ હતું, પણ જ્યારે હું આ'લા હઝરતને મળવા લાગ્યો તો મને ઈમાની હલાવત (મીઠાશ) મળી ગઈ ! હવે મારું ઈમાન રસમી નથી બલ્કે ખુદાના ફઝ્લથી હક઼ીક઼ી છે. જેણે હક઼ીક઼ી (સાચા અર્થમાં) ઈમામ બખ્શ્યું એની યાદીથી મારા દિલને સંતોષ આપતો રહુ છું ! આ કહેતી વેળા હઝરતના બયાનનો અંદાઝ નિરાલો (ભાવવાહી) હતો અને આંખો અશ્રુમય હતી !! મને એવું

મહસૂસ થયું કે સાચે જ **વલીરા વલી મી શનાખ્ત** અને **આલિમરા આલિમ મી દાનદ** (અર્થ : વલીને વલી ઓળખે છે અને આલિમને આલિમ જાણે છે)

મેં અર્ઝ કરી કે હદીષના ઈલ્મમાં શું એ (આ'લા હઝરત) આપના બરાબર છે ? ફર્માવ્યું કે, હરગિઝ નહીં ! પછી ફર્માવ્યુ કે, શાહઝાદા સાહબ ! તમે કાંઈ સમજ્યા કે ''હરગિઝ નહીં !'' નો શું મતલબ છે ?

સાંભળો ! આ'લા હઝરત આ ક્ષેત્રમાં 'અમીરૂલ મોમિનીન ફિલ હદીષ' છે ! હું વરસોના વરસ કેવળ આ વિષયમાં તેમની શાગિર્દી કરું તો પણ તેમના ઈલ્મના અણુ બરાબર પણ ન ઠરું ! (અહીં ખાતમુલ મોહદ્દિષીન હઝરત મૌલાના વસી અહમદ સાહબ રહ્‌મતુલ્લાહિ તઆલા અલૈહ મુરાદ છે જે હઝરત મોહદ્દિષે આ'ઝમે હિંદ મદ્દઝિલ્લહૂના ઉસ્તાદ તે હઝરત મુજદ્દિદે આ'ઝમ કુદ્દેસસિર્રહૂના સમકાલિન છે)

## ★ આ'લા હઝરત શું છે ? ★

હઝરત મોહદ્દિષ સાહબના આ પ્રકારના ઈર્શાદોએ મારા દિલને બરૈલી તરફ ખેંચ્યો અને છેવટે આંખોએ જોઈ લીધું કે **''આ'લા હઝરત શું છે એનો અંદાજો મોટામાં મોટો પારખુ (મુબસ્સિર) પણ નથી કરી શક્તો.''** જરા તરતીબ (કેળવણી)નો તરીકો તો જુઓ કે જ્યારે હું ફત્વાઓના કાર્ય(માં નિપૂણ થવા) અર્થે બરૈલી હાજર થયો તો મારી અંદર લખનૌમાં ૮ વર્ષ રહેવાના લીધે ત્યાંની કેટલીક અસરો મૌજૂદ હતી. શહેરની ભૌગોલિક સ્થિતિ પ્રમાણે બજાર તથા ફરવાના સ્થળો વિશે ત્યાંના લોકોને પૂછતો રહ્યો કે જેથી જુમ્આના દિવસે ફુરસદમાં કાંઈક સહેલસપાટા કરું ! જુમ્આનો દિવસ આવ્યો તો મસ્જિદમાં છેલ્લી સફમાં હતો. નમાઝ થઈ ગઈ તો (આ'લા હઝરતે) મારા વિશે

પૂછયું કે ક્યાં છે ? ! હું બરૈલી માટે તદ્દન નવો માણસ હતો જેથી લોકો એકબીજાનો ચેહરો જોવા લાગ્યા ! એટલે સુધી કે આ'લા હઝરત જાતે જ ઉભા થઈ ગયા અને મસ્જિદના દરવાજા પાસે મને જોઈ લીધો તો મુસલ્લાથી ઉઠીને છેલ્લી સફમાં આવીને મને મુસાફાથી નવાઝયો અને એથી અધિકનો ઈરાદો કર્યો તો હું ગભરાઈને પડી ગયો ! આ'લા હઝરત પાછા મુસલ્લા પર તશરીફ લઈ ગયા અને સુન્નતો, નવાફિલ અદા કરવા લાગ્યા.

મસ્જિદની એક એક વ્યક્તિએ આ જોયું અને અતિ આશ્ચર્યસહ્ જાયું ! મેં બજાર અને કુતુબખાનાની સૈર માટે નક્કી કરી રાખેલું. સાંજે જ્યારે નીકળ્યો તો શહામતગંજના વળાંક પર પહેલાં પાન ખાવાની ઈચ્છા થઈ. હજી પાનવાળાને કહ્યું પણ ન હતું એવામાં ચોતરફથી 'અસ્સલામુ અલૈકુમ ! આવો ! ' શરૂ થયું અને મારે જવાબ આપવો પડતો ! હવે પાનવાળાની દુકાન સામે ઉભા રહેવું પણ મારા માટે મુશ્કેલ બની ગયું ! સલામ તથા મુસાફાની બરકતે આખો નિશ્ચિત પ્રોગ્રામ ખત્મ કરી નાખ્યો ! તે દિવસથી આજ સુધી કેવળ બરૈલીની જ વાત નથી કલકત્તા, બોમ્બે, મદ્રાસ (ચેન્નાઈ)માં પણ પગપાળા નહીં બલ્કે મોટરમાં બેસીને પણ કેવળ બજારની સૈર માટે નથી નીકળ્યો ! બધો લખનવી અંદાઝ કાયમ માટે ખતમ કરી આપ્યો !

## ★ ન્યાઝની અદબ કઈ રીતે કરશો ? ગૌષપાકની સાથે અદ્ભૂત અક઼ીદત ★

બીજા દિવસે ઈફતાના કામમાં લગાડતાં પહેલાં જાતે જ અગીયાર રૂપિયાની શીરીની મંગાવી અને પોતાના પલંગ પર મને બેસાડીને શીરીની સામે રાખી ફાતિહા ગૌષિયહ્ પઢીને દસ્તે કરમ

વડે શીરીની મને પણ અતા કરી અને હાજરજનોમાં વહેંચવાનો હુકમ આપ્યો. એવામાં અચાનક આ'લા હઝરત પલંગ પરથી ઉઠી પડયા તો સૌ હાજરજનો સાથે હું પણ ઉભો થઈ ગયો કે શાયદ (આ'લા હઝરત) કોઈ સખત જરૂરતને લીધે અંદર તશરીફ લઈ જશે. પણ આશ્ચર્યની સીમા ન રહી જ્યારે કે આ'લા હઝરત જમીન પર બેસી ગયા ! સમજમાં ન આવ્યું કે આ શું થઈ રહ્યું છે ? જોયું કે વહેંચનારાની ગફલતથી શીરીનીનો એક ખૂબ નાનો ટૂકડો (રજકણ) જમીન પર પડયો હતો અને આ'લા હઝરત જીભની અણી વડે તેને ઉઠાવી રહ્યા છે ! પછી રાબેતા મુજબ પોતાની બેઠક પર બેસી ગયા. આ જોઈને સૌ હાજરજનો સરકાર ગૌષિયતની અઝમત તથા મહોબ્બતમાં ડૂબી ગયા અને સૌના માટે ફાતેહાએ ગૌષિયહ્‌ની શીરીનીના એક એક રજકણના તબર્રુક (બરકતવંત) થઈ જવાની બાબતે કોઈ અન્ય દલીલની જરૂર ન રહી. અને હવે હું સમજ્યો કે વારંવાર મને જે ફર્માવવામાં આવેલું કે, હું કાંઈ જ નથી, આ તો આપના જદ્દે અમજદ (દાદા) ગૌષેપાકનો સદક઼ો છે, એ મને ખામોશ કરવા માટે જ ન હતું અને ન કેવળ મને શરમમાં નાખવા માટે હતું, બલ્કે હક઼ીક઼તમાં આ'લા હઝરત ગૌષે પાકના હાથમાં "ચૂં ક઼લમ દર દસ્તે કાતિબ" (અર્થ : જેમ કે ક઼લમ કાતિબના હાથમાં) હતા, જેવી રીતે કે ગૌષપાક رضی اللہ عنہ સરકારે દોઆલમ ﷺના હાથમાં ચૂં કલમ દર દસ્તે કાતિબ હતા. અને કોણ નથી જાણતું કે રસૂલેપાક ﷺ પોતાના રબની બારગાહમાં એવા હતા કે કુર્આને કરીમે ફર્માવી આપ્યું કે **وَمَا يَنْطِقُ عَنِ الْهَوٰى ○ اِنْ هُوَ اِلَّا وَحْىٌ يُّوْحٰى** (અર્થ : અને તે કોઈ વાત પોતાની ખ્વાહિશથી નથી કરતા, એ તો નહીં પણ 'વહી' જે તેમને કરવામાં આવે છે. *–કન્ઝુલ ઈમાન*

### ★ આ'લા હઝરતની ઝબાન તથા કલમ ખુદાની હિફાઝતમાં ! ★

ઉલમાએ દીનના ઉચ્ચ કારનામાંઓ ૧૪ સદીઓથી ચાલ્યાં આવે છે પણ (SLIP OF PEN) કલમની લગઝિશ અને બોલવાની ગલતીથી મહફૂઝ રહેવું એ કોઈના વશની વાત નથી. કલમના જોરમાં કેટલાય તફર્રૂદપસંદી (પોતાની જ વાત ચલાવવામાં) આવી ગયા, કેટલાક મુજદ્દિદપસંદી પર ઉતરી આવ્યા, કિતાબોમાં પોતાની રાયો (મંતવ્યો) પણ મળે છે, શબ્દોના ઉપયોગમાં પણ નિષ્કાળજીઓ થઈ જાય છે, હક્ક કૌલના લહેજામાં પણ હક્કની બૂ નથી, હવાલાઓમાં અસ્લના વિના નકલ પર જ સંતોષ કરી લેવામાં આવ્યો છે. પરંતુ **અમને અને અમારી સાથોસાથ અરબ તથા અજમને એતરાફ (સ્વીકાર) છે કે હઝરત શૈખ મોહક્કિક મૌલાના મોહદ્દિષ દહેલ્વી, હઝરત મૌલાના બહરૂલ ઉલૂમ ફિરંગી મહલી અને આ'લા હઝરતની ઝબાન તથા કલમનો એ હાલ જોયો કે મૌલા તઆલાએ પોતાની હિફાઝતમાં લઈ લીધા અને ઝબાન તથા કલમ નુકતા બરાબર પણ ખતા કરે તેને અશક્ય ફર્માવી દીધું.**

فَرَحْمَةُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِ وَرَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَحْمَدرَضَاء

આ વિષય બાબતે જોવું હોય તો 'ફતાવાએ રિઝવિય્યહ'નો ઊંડાણથી અભ્યાસ કરી નાખો.

### ★ ઈમામ બરેલ્વીની શેઅરગોઈ ★

કેટલી સામાન્ય વાત તથા અજબની વાત છે, એવા ઈમામે વક્ત મુસ્તનદુલ અસ્રની પાસે જેને રાત દિવસમાં કમસે કમ ૨૦ કલાકમાં કેવળ ઈલ્મે દીનની મશ્ગૂલિયતથી વાસ્તો હોય, જેના

અયૂવાને ઈલ્મમાં પોતાની સાથે કૃલમ તથા ખડીયા અને દીની કિતાબો સિવાય કાંઈ ન હોય, જે અરબ તથા અજમનો રહનુમા હોય, તે જો શેઅર કહે તો શું કહેવું ? ! કોઈની પાસેથી શેઅર સાંભળવાની પણ ફુરસદ ક્યાંથી મળે ? પણ શાને જામેઈય્યત (સર્વક્ષેત્રિય પરિપૂર્ણતાની શાન)માં કમી ક્યાંથી હોય ! અને શાયરની દુનિયામાં બરકત ક્યાંથી આવે જો આ'લા હઝરતના કૃદમ તેને ન નવાઝે ! હઝરત હસ્સાન رضی اللہ عنہ જે રશ્કે જન્નતમાં સરફરાઝ હતા તેની તલબ તો દરેક આશિકૃના માટે જીવનનો સરમાયો (પૂંજી) છે.

## ★ કૌષરથી ધોવાયેલી ઝબાન ! ★

જેમ કે આ'લા હઝરતના હમ્દ તથા નઅતનો એક સંગ્રહ કેટલાક ભાગોમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે જેનો એકે એક શબ્દ ખૂદ મસ્ત છે અને સાંભળનારને મસ્તી અતા કરતો રહે છે. એકવાર લખનૌના સાહિત્યકારોની શાનદાર મહેફિલમાં આ'લા હઝરતનો કૃસીદએ મેઅરાજિયહ્ મેં મારા અંદાજમાં પઢયો તો સૌ ઝુમવા લાગ્યા. મેં એલાન કર્યું કે ઉર્દૂ અદબ (સાહિત્ય)ની દ્રષ્ટિએ હું સાહિત્યકારનો ફેંસલો આ કૃસીદાની ઝબાનના વિશે ચાહું છે ! "તો સૌએ કહ્યું કે, **"એની ઝબાન તો કૌષરથી ધોવાએલી છે."** આ પ્રકારનો બીજો એક પ્રસંગ દિલ્હીમાં ઉપસ્થિત થયો તો દિલ્હીના ટોચના શાયરોએ જવાબ આપ્યો કે, **અમને કાંઈ ન પૂછો ! તમે જીવનભર પઢતા રહો અને અમે જીવનભર સાંભળતા રહીશું !**

## ★ અમે આ'લા હઝરત સમક્ષ તિફ્લે મકતબ (ભણતા બાળક) છીએ ! ★

ફન્ને ઝીજાત તથા તકસીરમાં (ઈલ્મના વિષયોમાં) શાને

ઈમામતના નમૂનાઓ આજે આ'લા હઝરતના શાર્ગિદોથી માલૂમ કરી શકાય છે. આ'લા હઝરતના ખાસ શાર્ગિદ હઝરત મલિકુલ ઉલમા, ઝફરૂલ્ મિલ્લતે વદ્દીન ઝફરૂદ્દીન બિહારી આ યુગના બંને વિદ્યાના માહિર માનવામાં આવી રહ્યા છે. (આપનો વિસાલ થઈ ચૂક્યો છે, رحمۃ اللہ علیہ) ઈલ્મ ઝફરમાં આ'લા હઝરત આખી દુનિયામાં એક અને એકલા છે. મોટા મોટા વિધ્વાન દાવેદારો મુસ્તઝહિર સુધી પહોંચીને ત્યાં આગળ લાચાર થઈ જાય છે ! અને તેમના હિસાબમાં જવાબથી પહેલાં કોઈ ન કોઈ કસર આવી જાય છે ! **મોટા મોટા રુમ્માલ તથા જુફ્ફાર (ઈલ્મવાળાઓએ) સ્વીકાર કર્યો કે, અમે આ'લા હઝરતની સમક્ષ ભણતા બાળક સમાન છીએ.**

## ★ આ'લા હઝરતની પેશનગોઈ ! ★

એના અનુસંધાનમાં એક પ્રસંગ યાદ આવી ગયો કે હઝરત મૌલાના હિદાયતુર્રસૂલ رحمۃ اللہ علیہ રામપૂર રાજ્યમાં ઈલ્મી મન્સબ પર હતા. નવાબ સાહબની બેગમ બીમાર પડી જેની બીમારી નવાબ સાહબ માટે અસહય હતી. તેમની બીમારીનો અંજામ જાણવા માટે આ'લા હઝરતની ખિદમતમાં મોકલવામાં આવ્યા. પહેલાં તો આ'લા હઝરતે ટાળી કાઢયું પણ મૌલાનાનું ઉદાસ મુખ જોઈને દયા આવી ગઈ અને લખીને આપી દીધું કે, ''જો રાફઝીપણાથી તૌબા ન કરી તો આ મોહર્રમ મહિનામાં રામપૂરની અંદર મરી જશે.'' નવાબ સાહેબે નક્કી કરી લીધું કે મોહર્રમ મહિનાને તો રોકી નથી શક્તા પણ રામપૂરથી ચાલ્યા જવું શક્ય છે જેથી બેગમને સાથે લઈને નૈનિતાલ ચાલ્યા ગયા. ત્યાં મૌત આવી જશે તો નૈનિતાલ છે રામપૂર નથી. છેવટે એ જ થઈને

રહ્યું ! કે કાનપૂરની મસ્જિદે શહીદગંજના હંગામામાં લેફટન્ટ ગવનરની બેચૈની હદથી વધી ગઈ તો નવાબ સાહેબને તાર આપ્યો કે, "રામપૂર આવુ છું તો જલ્દીથી આવીને મળો !" નવાબ સાહેબ એકલા જવા તૈયાર થયા તો બેગમે ન માન્યું અને છેવટે **બંને જણા માહે મોહર્રમમાં જેવાં રામપૂર પહોંચ્યાં એવામાં જ બેગમનો ઈન્તેકાલ થઈ ગયો !** આ'લા હઝરતે મૌલાનાને ફર્માવ્યું હતું કે, એના પર (આ વાત પર) ઈમાન ન લાવશો, પણ એવું જ થશે. જેથી એવું જ થઈને રહ્યું.

## ★ મુજદ્દિદિયતનો સોનેરી તાજ ! ★

ઈસ્લામમાં અક઼ીદએ તનાસુખ (પૂનર્જન્મની માન્યતા) તદ્દન કુફ્ર અને બાતિલ છે. પણ કુદરતની કરિશ્મા સાઝીઓ જુઓ કે જે દિવસે અલ્લાહ ઈબ્ને આબેદીન શામી સાહિબે (લેખક) રદદુલ મુહતાર અદ્દ્ દુર્રે મુખ્તારે મિસરમાં જન્નતની રાહ લીધી તે જ દિવસે દિલ્હીમાં શાહ અબ્દુલ અઝીઝ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પેદા થયા અને જે દિવસે શાહ સાહબ જન્નત નશીન થયા, તે જ દિવસે આ'લા હઝરતની વિલાદતે બાસઆદત થઈ. કુદરતની જે અજાયબકારીઓમાં દુનિયાએ જોયું કે અલ્લામહ્ શામી એ મુબારક હસ્તી હતી જેમણે વહાબીઓ નજદીઓને બાગી તથા ખારજી ઠરાવીને તેની વિરૂદ્ધ અવાજ ઉઠાવ્યો અને દિલ્હીના શાહ સાહબે પોતાના ઘરની વહાબિયતને છુપાવીને દફન કરી દીધી અથવા તેની રદ ફર્માવી ? એટલે કે રદ કરી. અને આ'લા હઝરતે વહાબિયત, નજદિયત અને દેવબંદિયતની તે અજોડ ગરદન મારી કે અરબ તથા અજમે ઈમામત તથા મુજદ્દિદિયતનો સોનેરી તાજ સર મુબારક પર રાખી દીધો.

## ★ ફરિશ્તાઓના ખભાઓ પર કુત્બુલ ઈર્શાદનો જનાઝો ! ★

હું મારા મકાન પર હતો અને બરૈલીની સ્થિતિથી બેખબર હતો. મારા હુઝૂર શૈખુલ મશાઈખ (અશરફીમિયાં) કુદ્દેસ સિર્રહુલ અઝીઝ વુઝૂ ફર્માવી રહ્યા હતા. એવામાં એકદમ રડવા લાગ્યા ! આ વાત કોઈની સમજમાં ન આવી કે શું કોઈ કીડાએ કરડી લીધા છે ?! હું આગળ વધ્યો તો ફર્માવ્યું કે, બેટા ! હું ફરિશ્તાઓના ખભાઓ પર કુત્બુલ ઈર્શાદનો જનાઝો જોઈને રડી રહ્યો છું ! થોડાક જ કલાકો બાદ બરૈલીનો તાર મળ્યો તો અમારા ઘરમાં કોલાહલ્ મચી ગયો ? એ વખતે હઝરત વાલિદે માજિદ કિ઼બ્લા કુદ્દેસ સિર્રહૂની જીભ પર અનાયાસે આપ્યું કે રહ્‌મતુલ્લાહિ તઆલા અલૈહ ! એ જ વખતે એક ખાનદાની બુઝુર્ગે ફર્માવ્યું કે એનાથી તો વિસાલની તારીખ નીકળે છે. આજે આપણે સમયના અજોડ ઈમામ તથા મુજદ્દિદ તથા કુત્બુલ ઈર્શાદની બારગાહે આલીમાં નઝરાનએ અકીદત પેશ કરવા માટે ભેગા થયા છીએ અને તેમની રૂહ મુબારકની સુન્નિયત નવાઝીથી દારૈનનો (બંને જહાનનો) આશરો લગાવી બેઠા છીએ.

*–(બહવાલા કિતાબ 'મુજદ્દિદે આ'ઝમ)*

